# નૂતન અભિગમ કાર્ય સુગમ

વર્ષ : 2024-25

# શિક્ષણમાં નવાચાર

જી.સી.ઇ.આર.ટી. - ગાંધીનગર

પ્રેરિત

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન - જામનગર

આયોજિત

# એજ્યુકેશનલ ઇનોવેશન ફેસ્ટિવલ

તારીખ : 12/02/2025 થી 13/02/2025


સંકલન

**શ્રી જી. એન. પોંકિયા**

ડી.આઇ.સી. કો-ઓર્ડિનેટર

ડાયેટ - જામનગર

માર્ગદર્શક

**ડૉ. પી. સી. જાડેજા**

પ્રાચાર્ય

ડાયેટ - જામનગર


સ્થળ

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન

એફ.સી.આઇ. ગોડાઉન સામે, લાલપુર રોડ, દરેડ

જિલ્લો : જામનગર

# ✤ પ્રસ્તાવના ✤

અધ્યાપન એક સામાજિક, સાંસ્કૃતિક અને જટિલ પ્રક્રિયા છે. આ કામ સરળ અને સફળ બને એ માટે શિક્ષણમાં નવાચાર એ આજના સમયની માંગ છે. કોઇ પણ દેશની પ્રગતિનો આધાર દેશની સંસ્કૃતિ, શિક્ષણ, આરોગ્ય, રહેણી-કરણી, શિક્ષણમાં ટેકનોલોજી તેમજ ટેકનોલોજીનો ઉપયોગ વિવિધ સંશોધન પર છે. સાંપ્રત સમયમાં સમાજના તમામ ક્ષેત્રોમાં નવતર પ્રયોગોનો ઉપયોગ થતો હોય છે. દરેક બાળક સ્વાભાવિક રીતે શીખવા માટે પ્રોત્સાહિત અને સક્ષમ હોય છે. બાળકો તેમની આસપાસના વાતાવરણમાંથી તથા લોકો સાથેના વ્યવહાર દ્વારા શીખે છે. પૂર્વ વિચારો સાથે વર્તમાન વિચારોનું જોડાણ કરીને તેઓ જ્ઞાનનું સર્જન કરે છે. સર્જનાત્મક, સંશોધનાત્મક્તા, સંશોધનાત્મકતા, વિજ્ઞાન અને ટેકનોલોજીમાં નવીનતા તરફના વલણને પ્રોત્સાહિત કરવા માટે શિક્ષણ વિભાગ - ગુજરાત રાજ્ય અને ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ - ગાંધીનગર દ્વારા સતત પ્રેરણા અને પ્રોત્સાહન મળતા રહે છે.

જામનગર જિલ્લા કક્ષાના એજ્યુકેશનલ ઇનોવેશન ફેસ્ટિવલ - ૨૦૨૪-૨૫ નું આયોજન જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન - જામનગર દ્વારા કરવામાં આવેલ છે. જેમાં કુલ ૨૬ નવતર પ્રયોગો પ્રદર્શિત કરવામાં આવેલ છે. આ એજ્યુકેશનલ ઇનોવેશન ફેસ્ટિવલ માધ્યમથી શિક્ષકોને એક પ્લેટફોર્મ પુરું પાડવાનો પ્રયાસ છેલ્લા ૯ વર્ષથી ડાયેટ - જામનગર દ્વારા કરવામાં આવી રહેલ છે. જેના દ્વારા શિક્ષકો પોતાના વિચારો અને સર્જનાત્મકતા સમાજ સમક્ષ મૂકી શકે છે.

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન - જામનગર ખાતે ડિસ્ટ્રિક્ટ ઇનોવેશન સેલ દ્વારા શિક્ષકો દ્વારા થયેલ નવતર પ્રયોગોનું સંકલન કરી, પુસ્તિકા સ્વરૂપે આપના સમક્ષ રજૂ કરી રહ્યા છીએ. આશા છે કે, આ પુસ્તિકામાં રજૂ કરવામાં આવેલ નવતર પ્રવૃત્તિઓની જરૂરિયાત મુજબ ઉપયોગ વર્ગખંડ શિક્ષણમાં અને શાળા કક્ષાએ થાય.

જિલ્લા શિક્ષણ અતે તાલીમ ભવન - જામનગર શાળા અને તાલુકા કક્ષાએ ઇનોવેટિવ કૃતિઓમાં નવીનતા લાવી એના ઇનોવેટિવ સાધનો કે વિચારો આપી, શાળાના વર્ગખંડને સમાજ સાથે જોડીને શિક્ષણની પ્રગતિમાં સહયોગ આપેલ છે એવા ઇનોવેટિવ શિક્ષકોને અભિનંદન પઠવે છે.

**તારીખ :**

**ડૉ. પી. સી. જાડેજા**
**પ્રાચાર્ય**
**જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન**
**જામનગર**

# ✣ અનુક્રમણિકા ✣


| ક્રમ | નવતર પ્રયોગનું શીર્ષક | શિક્ષકનું નામ | શાળાનું નામ | પૃષ્ઠ સંખ્યા |
|---|---|---|---|---|
| ૧ | મુલ્યાંકન ચક્ર | રાજેશકુમાર જી. બરોચિયા | જાંબુડીવાડી પ્રાથમિક શાળા | ૧ |
| ૨ | વિજ્ઞાન 360° | રક્ષાબેન જે. મકવાણા | શ્રી મોટી વેરાવળ પ્રાથમિક શાળા | ૩ |
| ૩ | I AM POSITIVE | પ્રીતિ ડી. જગડ | શાળા નં 21 | ૬ |
| ૪ | મારું પ્રોજેક્ટ વર્ક | પરમાર ઉર્મિલાબેન આર | પી.એમ. શ્રી દરેડ કુમાર શાળા | ૯ |
| ૫ | બમ્પ બોર્ડ ગેમ | કુડેચા શિલ્પાબેન સુરેશભાઈ | શ્રી નાની રાફૂદડ પ્રાથમિક શાળા | ૧૧ |
| ૬ | યાદ રાખીએ સરળતાથી વિજ્ઞાન | પરમાર કલ્પેશ મગનભાઈ | શ્રી કન્યા વિદ્યાલય - 1 સિક્કા | ૧૪ |
| ૭ | પ્રયોગો દ્વારા વિજ્ઞાન શિક્ષણ | ચનીયારા મનીષ અમૃતલાલ | શ્રી મેલાણ પ્રા. શાળા | ૧૮ |
| ૮ | રમતા રમતા ગણિત શીખીએ | ધવલકુમાર અશોકભાઈ ખાંટ | શ્રી ચુર પ્રાથમિક શાળા | ૨૧ |
| ૯ | બાળ લેખકની બાળવાર્તાઓ | જાદવ વિશાલભાઈ એ | શ્રી ચુર પ્રાથમિક શાળા | ૨૪ |
| ૧૦ | રમતું ગણિત, ગમતું ગણિત | જાડેજા દિવ્યાબા ઘનશ્યામસિંહ | શ્રી નવાગામ પ્રાથમિક શાળા | ૨૭ |
| ૧૧ | સામાજિક વિજ્ઞાનની વિદ્યાસામગ્રી | ગઢવી ગૌતમી કનુભાઈ | શ્રી ગોવાણા તાલુકા શાળા | ૩૦ |
| ૧૨ | રમતાં - રમતાં ENGLISH | ઝાલા રાજેન્દ્રસિંહ પ્રતાપસિંહ | શ્રી લાખાબાવળ કુમાર શાળા | ૩૩ |
| ૧૩ | પઝલ ફ્યુઝન વીથ સાયન્સ | ડઢાણિયા રિપાબેન ધીરજલાલ | શ્રી ભડાનેશ પ્રાથમિક શાળા | ૩૬ |
| ૧૪ | Maths - Magic | ખીમસીયા અજય જે. અને વેગડ ભરત બી. | શ્રી નાંદુરી તાલુકા શાળા | ૩૯ |
| ૧૫ | Digital એકલવ્ય | ઘેટીયા ડેનિશ રાજેશભાઈ | શ્રી મેવાસા વાડી પ્રા. શાળા | ૪૨ |
| ૧૬ | નક્ષત્રોની સમજ | ઝાલા ગજેન્દ્રસિંહ | નવાણીયા પ્રાથમિક શાળા | ૪૫ |
| ૧૭ | MathsMadeEasy - ઈન્ટરએક્ટિવ વેબસાઈટ દ્વારા ગણિતમાં શિક્ષણ | મિનલબેન મહેન્દ્રભાઈ વંકાણી | શ્રી આણંદપર કન્યાશાળા | ૪૭ |
| ૧૮ | ચિત્રકલા દ્વારા જીવન કૌશલ્યો અને મૂલ્યોનો વિકાસ | મીનાબેન હીરાલાલ પરમાર | લતિપુર તાલુકા શાળા- તા.ધ્રોલ | ૫૦ |
| ૧૯ | Our Achievers | બારૈયા દેવાંગીબેન એમ./ધમસાણિયા ચંપકકુમાર ઓ. | PM SHRI હડિયાણા કન્યા શાળા | ૫૨ |

| ક્રમ | નવતર પ્રયોગનું શીર્ષક | શિક્ષકનું નામ | શાળાનું નામ | પૃષ્ઠ સંખ્યા |
|---|---|---|---|---|
| ૨૦ | મેન્સટ્રૂલ હાઈજીન મેનેજમેન્ટ કોર્નર | નિમાવત હેતલ આર | સી.આર.સી કોઓર્ડીનેટર અલીયા | ૫૫ |
| ૨૧ | 3S – સાતત્ય, સ્થિરતા અને સ્વાસ્થ્ય | ચિરાગ અમૃતલાલ સચાણીયા | શાળા નં. 32, જામનગર | ૫૮ |
| ૨૨ | મારી જાદુઈ પેટી | વિમલભાઇ પરસોતમભાઈ નકુમ | ચારણનેશ પ્રાથમિક શાળા | ૬૧ |
| ૨૩ | વિજ્ઞાનની સફર શાળાથી ઘર સુધી | દીપક લાલજીભાઈ ધારવિયા | શ્રી ક્રિષ્ના પ્રાથમિક કુમાર શાળા – સિક્કા | ૬૪ |
| ૨૪ | ઓટલે ઓટલે વાંચન | કટેશીયા ભગવાનજી દેવજીભાઈ | કાંકરિયા પ્રાથમિક શાળા ખીમરાણા | ૬૭ |
| ૨૫ | શિક્ષણ સાથે ધર્મનો અનુબંધ | કટેશીયા રસિકલાલ કાનજીભાઈ | સરસ્વતી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા ખીમરાણા | ૭૧ |
| ૨૬ | ગણિત અને ટેકનોલોજી | સરોજબેન જયંતિલાલ હડિયલ | શ્રી જી એમ પટેલ કન્યા વિદ્યાલય - ધ્રોલ | ૭૪ |

# મુલ્યાંકન ચક્ર

ઇનોવેટરનું નામ : રાજેશકુમાર જી બરોચિયા

હોદ્દો : આચાર્ય

શાળાનું નામ : જાંબુડીવાડી પ્રાથમિક શાળા

ક્લસ્ટર/ક્યુડીસી : નંદાણા તાલુકા શાળા

તાલુકો : જામજોધપુર

મોબાઈલ નંબર : 9714071412

ઈમેલ આઇડી : rajeshbarochia@gmail.com

વિભાગ (પ્રાથમિક/માધ્યમિક/ઉ.માધ્યમિક/પ્રશિક્ષણ સંસ્થા) : પ્રાથમિક

નવતર પ્રયોગનું શીર્ષક : મુલ્યાંકન ચક્ર

નવતર પ્રયોગનું ક્ષેત્ર (યાદીમાથી એક અથવા બે ક્ષેત્ર જ પસંદ કરવા) : ફાઉન્ડેશનલ સ્ટેજ સબંધિત ઇનોવેટીવ અધ્યયન અધ્યાપન પ્રક્રિયા અને મૂલ્યાંકન

નવતર પ્રયોગ સામૂહિક કરેલ છે કે વ્યક્તિગત ? : વ્યક્તિગત

નવતર પ્રયોગની શરૂઆત ક્યારથી કરવામાં આવેલ છે : જૂન 2024 થી

## નવતર પ્રયોગની કાર્યપદ્ધતિનું વર્ણન

➢ **હેતુઓ :**

- એક કરતા વધારે ધોરણ સંભાળનાર શિક્ષક ઓછા સમયમા મુલ્યાંકન કરી શકે.
- સતત,સર્વગ્રાહી અને સચોટ મુલ્યાંકન કરી શકાય.
- બાળકો જાતે મુલ્યાંકન કરી શકે.

➢ **અમલીકરણ વ્યૂહરચના:** આ મૂલ્યાંકન ચક્રમાં વિષયવસ્તુ મુજબ અધ્યયન નિષ્પતિને ગોળાકાર ચક્રમાં ફિક્સ કરવાની હોય છે. મૂલ્યાંકન ચક્ર માં એક જગ્યાએ એક સ્થિર અણી વાળો એરો રાખેલ છે ચક્રને બાળક વારાફરતી ફેરવે છે. જ્યારે ચક્ર ઉભુ રહે છે ત્યારે એરા પાસે જે અધ્યયન નિષ્પતિ આવે તે બાબતે બાળક એકબીજાને પૂછીને ચકાસણી કરે છે તથા જો બાળકને આવડે છે તો તે જ જગ્યાએ રાઇટની નિશાની કરશે અને જો નથી આવડતું તો ત્યાં જ x ની નિશાની કરશે આ રીતે વિદ્યાર્થીઓ મુજબ ચાર કે પાંચ રાઉન્ડ ગોઠવી કયા બાળકે કેટલી અધ્યયન નિષ્પતિ સિદ્ધ કરી છે તે જાણી શકાય છે.

- **<u>ઉપયોગીતા:</u>** બાળકને આપેલ અધ્યયન નિષ્પતિ માંથી કેટલી આવડે છે તથા કેટલી નથી આવડતી તે સરળતાથી જાણી શકાય છે અને તેનું ઉપચારાત્મક કાર્ય કરી શકાય છે. સતત મૂલ્યાંકન થતું હોવાથી બાળકોને ઉપચારાત્મક કાર્ય કરવાનો સમય મળી રહે છે .
- **<u>નવતર પ્રયોગનું મૂલ્યાંકન :</u>** આ મુલ્યાંકનચક્ર થી જ બાળકોનુ મુલ્યાંકન કરી રહ્યા છીએ.
- **<u>નવતર પ્રયોગનું પરિણામ:</u>** દર મહીને બાળકોનુ મુલ્યાંકન થવાથી તેની ઉત્સુક્તા વધે છે. નવતર પ્રયોગ પહેલા ૩૦ ટકા બાળકો અધ્યયન નિષ્પતિ સિદ્ધ કરી શકતા હતા. અત્યારે ૬૦ ટકાથી વધૂ બાળકો અધ્યયન નિષપતિ સિદ્ધ કરી શક્યા છે.
- <u>નવતર પ્રયોગની વર્તમાન સ્થિતિ:</u> આ પ્રયોગ ચાલુ છે. તથા અન્ય શાળાના બાળકો પણ તેનો લાભ લઇ રહ્યા છે.
- <u>વિડીયો લીંક :</u>

https://drive.google.com/file/d/1tWvC5mDsob89aBCmvXmH4sdZzfScmDJV/view?usp=drive_link

- <u>ફોટોગ્રાફ :</u>





- QR કોડ:

# વિજ્ઞાન 360°



ઇનોવેટરનું નામ : રક્ષાબેન જે. મકવાણા

હોદ્દો : મ. શિક્ષક

શાળાનું નામ : શ્રી મોટી વેરાવળ પ્રાથમિક શાળા

ક્લસ્ટર/ક્યુડીસી : પીપરટોડા

તાલુકો : લાલપુર

મોબાઈલ નંબર : 9824960654

ઈમેલ આઇડી : raxarathod83@gmail.com

વિભાગ (પ્રાથમિક/માધ્યમિક/ઉ.માધ્યમિક/પ્રશિક્ષણ સંસ્થા ) : પ્રાથમિક

નવતર પ્રયોગનું શીર્ષક : વિજ્ઞાન 360°

નવતર પ્રયોગનું ક્ષેત્ર ( યાદીમાથી એક અથવા બે ક્ષેત્ર જ પસંદ કરવા ) : 1 d મીડલ સ્ટેજ સંબંધિત ઇનોવેટીવ અધ્યયન અધ્યાપન પ્રક્રિયા અને મૂલ્યાંકન .

નવતર પ્રયોગ સામૂહિક કરેલ છે કે વ્યક્તિગત ? : વ્યક્તિગત

નવતર પ્રયોગની શરૂઆત ક્યારથી કરવામાં આવેલ છે : 2023 થી શરૂ .

## નવતર પ્રયોગની કાર્યપદ્ધતિનું વર્ણન

- **હેતુઓ :**
  - વિદ્યાર્થીઓની વિજ્ઞાનની પાયાની સંકલ્પના મજબૂત બને.
  - વિજ્ઞાન વિષયમાં રસ રુચિ વધે.
  - વિજ્ઞાન વિષય નો ડર દૂર થાય.
  - વિજ્ઞાન વિષયને પ્રેમ કરે.
  - વિજ્ઞાન વિષયને આનંદ સાથે આત્મસાત કરે.
- **અમલીકરણ વ્યૂહરચના:**

આ નવતર પ્રયોગના અમલીકરણ માટે પ્રયોજકે સૌપ્રથમ ધોરણ 6 થી 8ની કઠિન અધ્યયન નિષ્પતિઓને તારવી અને ત્યારબાદ તે અધ્યયન નિષ્પતિઓની અનુરૂપ વિદ્યાર્થીઓને જાતે રમવું ગમે તેવા મોડેલ્સ,કોયડા,ચાર્ટ,ગેમ્સ, વૈજ્ઞાનિક રમકડા બનાવ્યા.આ મોડેલ્સ,રમકડા,ગેમ્સની મદદથી આવા કઠિન મુદ્દાઓની સમજૂતી તથા મહાવરો કરાવવામાં

આવ્યો.વિદ્યાર્થીઓને આ રીતે અભ્યાસ કરવામાં ખૂબ જ મજા આવી અને વિદ્યાર્થીઓની સંકલ્પના પણ સ્પષ્ટ થઈ ગઈ.

**પ્રયોજક દ્વારા શૈક્ષણિક વર્ષ 2022- 2023 દરમિયાન એક ક્રિયાત્મક સંશોધન પણ હાથ ધરેલ હતું.જેમાંધોરણ 6 થી 8 ના વિદ્યાર્થીઓ વિજ્ઞાનની વિવિધ આકૃતિ દોરવામાં મુશ્કેલી અનુભવતા હતા તે સમસ્યાનું સમાધાન આવી રમત તથા કોયડા દ્વારા કરવામાં આવેલ** હતું.આ પરથી પ્રેરણા લઈ વધુ નમુનાઓ ચાર્ટ પ્રવૃત્તિ વિજ્ઞાન ની સંકલ્પનાઓના ફ્લેશકાર્ડ બનાવી તેની અજમાઈશ ધોરણ 6ના વિદ્યાર્થીઓ પર કરવામાં આવી જેના ખૂબ જ સારા પરિણામ મળ્યા.

- <u>ઉપયોગીતા:</u>

એકમ કસોટી માં મળેલ પરિણામોમાં પણ ખૂબ સુધારો જોવા મળેલ છે. આ નવતર પ્રયોગમાં પ્રયોજકે વિજ્ઞાન વિષયની કઠિન અધ્યયન નિષ્પતિઓને ધ્યાને લઈ લગભગ **100 થી પણ વધુ વ્યાખ્યાઓના ફ્લેશ કાર્ડ, 50 જેટલા મોડેલ્સ/ ગેમ્સ, પ્રથમ અને દ્વિતીય સત્ર બંનેના ફ્લો ચાર્ટ બનાવેલ છે.** જે ધોરણ 6 થી 8 ની વિવિધ નિષ્પતિઓની સિદ્ધિ માટે ખૂબ જ ઉપયોગી છે.

દરેક શાળા આ મુજબ ખૂબ જ સરળતાથી મોડેલ્સ નમૂના બનાવી વિજ્ઞાન વિષયના અભ્યાસને વધુ રસપ્રદ આનંદદાયક બનાવી શકાય છે. **આ પ્રવૃત્તિ અંગેના વિડીયો મારી youtubeચેનલ અને facebookપર પણ મુકેલ છે.**

- <u>નવતર પ્રયોગનું મૂલ્યાંકન:</u>

આ નવતર પ્રયોગનું મૂલ્યાંકન ઔપચારિક અને અનૌપચારિક એમ બંને રીતે કરવામાં આવેલ જેમાં અનોપચારિક મૂલ્યાંકનમાં વિદ્યાર્થીઓના રસ - રુચિ,વલણ, ગમો - અણગમો, અધ્યયન કાર્યમાં ભાગીદારી વગેરેનું મૂલ્યાંકન કરવામાં આવ્યું. ઔપચારિક મૂલ્યાંકનમાં વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ એકમ કસોટી તથા રચનાત્મક પત્રકો દ્વારા ચકાસવામાં આવેલ.

- <u>નવતર પ્રયોગનું પરિણામ:</u>

અનૌપચારિક મૂલ્યાંકન દરમિયાન વિદ્યાર્થીઓની રસ - રુચિ, વિષય પ્રત્યેનું વલણ, વર્ગખંડ કાર્ય દરમિયાન સક્રિય ભાગીદારી, ઉત્સાહ વગેરે ગુણાત્મક બાબતોમાં નોંધપાત્ર વધારો જોવા મળેલ.ઔપચારિક મૂલ્યાંકન સંદર્ભે ક્રિયાત્મક સંશોધનના પરિણામો સૂચવે છે કે વિદ્યાર્થીઓને રમત /કોયડા/ મોડેલ્સ/ પ્રવૃત્તિ દ્વારા અભ્યાસ કરાવવાથી શૈક્ષણિક સિદ્ધિ કક્ષામાં વધારો થાય છે.

➢ <u>નવતર પ્રયોગની વર્તમાન સ્થિતિ:</u>

હાલ નવતર પ્રયોગ પર કાર્ય ચાલુ છે. ધોરણ 6 થી 8 ના વિજ્ઞાન વિષયના તમામ કઠિન બિંદુ આધારિત અધ્યયન નિષ્પતિ ની સંકલ્પના સ્પષ્ટ થાય તેવા મોડેલ નું નિર્માણ ચાલુ છે.

➢ <u>ફોટોગ્રાફ, વિડીયો લીંક, QR કોડ:</u>

facebook youtube instagram google drive






STD-6




STD-7




STD-8

# I AM POSITIVE



ઇનોવેટરનું નામ : પ્રીતિ ડી. જગડ

હોદ્દો : મદદનીશ શિક્ષક

શાળાનું નામ : શાળા નં 21

ક્લસ્ટર/ક્યુડીસી : શાળા નં 20

તાલુકો : JAMNAGAR

મોબાઈલ નંબર : 8469075060

ઈમેલ આઇડી : pritijagad8469075060@gmail.com

વિભાગ : પ્રાથમિક

નવતર પ્રયોગનું શીર્ષક : I AM POSITIVE

નવતર પ્રયોગનું ક્ષેત્ર (યાદીમાથી એક અથવા બે ક્ષેત્ર જ પસંદ કરવા ) :

1. ડિજિટલ ટેકનોલોજીનો શિક્ષણ અને મૂલ્યાંકનમાં ઉપયોગ
2. વિદ્યાર્થીઓનો વ્યાવસાયિક વિકાસ – વિવિધ જાહેર પરિક્ષાઓની તૈયારી

- નવતર પ્રયોગ સામૂહિક કરેલ છે કે વ્યક્તિગત ? :વ્યક્તિગત
- નવતર પ્રયોગની શરૂઆત ક્યારથી કરવામાં આવેલ છે : ડિસેમ્બર 2024 થી

## નવતર પ્રયોગની કાર્યપદ્ધતિનું વર્ણન:

➢ હેતુઓ :

- ટેકનોલોજીના માધ્યમથી બાળકને ઉત્સાહિત કરવા, ખુશ કરવા અને તેની સિદ્ધિને બિરદાવવી.
- ટેકનોલોજીથી શિક્ષણને વધુ સરળ અને અસરકારક બનાવવું.
- ટેકનોલોજીથી વિદ્યાર્થીઓને સરળતાથી સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરાવવી.

અમલીકરણ વ્યૂહરચના:

I AM POSITIVE- મારો આ નવતર પ્રયોગ 'EDUTOR APP'- સાથે જોડાયેલ છે Edutor app નો ઉપયોગ કરવામાં આવેલ છે જે એક શૈક્ષણિક એપ છે શિક્ષકો અને વિદ્યાર્થીઓ તેનો

ઉપયોગ કરી શકે છે. શિક્ષકો અને વિદ્યાર્થીઓ માટે ખૂબ જ ઉપયોગી છે. શિક્ષકો તેમાં ક્વિઝ બનાવી શકે છે વિડીયો અપલોડ કરી શકે છે જુદું જુદું મટીરીયલ અપલોડ કરી શકે છે. જેનો ઉપયોગ વિદ્યાર્થીઓ પોતાના જ્ઞાનમાં વધારો કરવા, એકમનું પુનરાવર્તન કરવા તેમજ દ્રઢિકરણ કરવા માટે ખૂબ જ ઉપયોગી છે.

શાળામાં બાળકોની કોઈ સિદ્ધિ કે સારા કાર્યો માટે ફોટા પાડવામાં આવતા. જે પછી શાળાના facebook એકાઉન્ટમાં મૂકવામાં આવતા. બાળકો ના ફોટા જો કલરફુલ ડિઝાઇનવાળા હોય તો બાળકોને અને તેમના માતા-પિતાને પણ ગમે અને તેમાં સાથે બાળકની સિદ્ધિ પણ લખેલી હોય તો તો કેટલું સરસ લાગે!

Edutor app માં આ માટે જુદા જુદા ફીચર્સ આપેલ છે. જેમ કે આજનું ગુલાબ, આજનો દીપક, એકમ કસોટી વિજેતા, વિદ્યા સિદ્ધિ, શાળા ગૌરવ, વિદ્યા ભામાશા અને હાજરી ચેમ્પિયન. આ ફીચર્સમાં ફોટો અપલોડ કરી ફક્ત 10 સેકન્ડમાં બાળકની સિદ્ધિના લખાણ સાથેનો કલરફુલ ફોટો તૈયાર થઈ જાય છે. પછી તે બાળકોના whatsapp ગ્રુપમાં મુકું છું સ્ટેટસમાં રાખું છું બાળકો અને વાલીઓ ખૂબ ખુશ થાય છે. વિદ્યાર્થીઓ પણ તેમનો ફોટો સ્ટેટસમાં રાખે છે. બાળકને બિરદાવવાનો એક નાનકડો પ્રયાસ...

શિક્ષકો આ એપમાં ક્વિઝ બનાવી શકે છે. વિડીયો અપલોડ કરી શકે છે. જુદું જુદું મટીરીયલ અપલોડ કરી શકે છે. જેનો ઉપયોગ વિદ્યાર્થીઓ પોતાના જ્ઞાનમાં વધારો કરવા, એકમનું પુનરાવર્તન કરવા તેમજ દ્રઢીકરણ કરવા માટે ખૂબ જ ઉપયોગી છે. હું પણ આ એપમાં ક્વિઝ બનાવું છું તેમજ મટીરીયલ અપલોડ કરૂં છું જેનો ઉપયોગ વિદ્યાર્થીઓ કરે છે.

- **ઉપયોગીતા:**

  - I AM POSITIVE- આ નવતર પ્રયોગથી બાળક અને વાલીનો અનોખો સંબંધ શાળા સાથે અને શિક્ષક સાથે બંધાય છે. સ્પર્ધાત્મક પરીક્ષાનું અનુભવજન્ય જ્ઞાન મળે છે.
  - નવતર પ્રયોગનું મૂલ્યાંકન: બાળકો અને વાલીઓ સાથે લાગણીનો સંબંધ બંધાયો. તેઓની સાથે સુમેળભર્યા સંબંધ બંધાયા. અન્ય જગ્યાએ મુલાકાત થાય તો સારી રીતે વર્તે છે. માન સન્માન આપે છે. કોઈપણ બાબત માટે જ્યારે વાલી સાથે ફોનમાં વાત કરવાની થાય છે તો ખૂબ સારો પ્રતિસાદ મળે છે.
  - નવતર પ્રયોગનું પરિણામ: બાળકો અને વાલીઓનું વર્તન સુધર્યું. બાળકો પોતાનો ફોટો જોઈને ખુશ થાય છે તેમજ પોતે પણ દરેક બાબતમાં એવા પ્રયત્નો કરે છે કે એનો ફોટો

પણ ગ્રુપમાં આવે. વિદ્યાર્થીના ફોટા સ્ટેટસમાં મુકવાથી બાળકો અને વાલીઓને ગમે છે. તેઓ પણ તેમનો ફોટો સ્ટેટસમાં રાખે છે.

- નવતરપ્રયોગનીવર્તમાન સ્થિતિ: હાલમાં એડયુટર એપ દ્વારા જુદા જુદા ફિચર્સનો ઉપયોગ કરી ફોટો પાડી બાળકોને તેની સિદ્ધિ અંગે બીરદાવામાં આવે છે આવે છે. ક્વિઝ અને મટીરીયલ તૈયાર કરી એપમાં મૂકવામાં આવે છે અને તેનો ઉપયોગ બાળકો કરે છે.

➢ <u>ફોટોગ્રાફ, વિડીયો લીંક,QR કોડ:</u>



























# મારું પ્રોજેક્ટ વર્ક




ઇનોવેટરનું નામ : પરમારઉર્મિલાબેન આર

હોદ્દો : મદદનીશ શિક્ષક

શાળાનું નામ : પી.એમ. શ્રી દરેડ કુમાર શાળા

ક્લસ્ટર/ક્યુડીસી : દરેડ તાલુકા શાળા

તાલુકો : જામનગર

મોબાઈલ નંબર : ૯૭૧૨૫૮૪૯૩૮

ઈમેલ આઇડી : parmarurmila73@gmail,com


વિભાગ (પ્રાથમિક/માધ્યમિક/ઉ.માધ્યમિક/પ્રશિક્ષણ સંસ્થા ) : પ્રાથમિક

નવતર પ્રયોગનું શીર્ષક : મારું પ્રોજેક્ટ વર્ક

નવતર પ્રયોગનું ક્ષેત્ર ( યાદીમાથી એક અથવા બે ક્ષેત્ર જ પસંદ કરવા ) : અધ્યાયન અધ્યાપન પ્રક્રિયા

નવતર પ્રયોગ સામૂહિક કરેલ છે કે વ્યક્તિગત ? :વ્યક્તિગત

નવતર પ્રયોગની શરૂઆત ક્યારથી કરવામાં આવેલ છે :૨૦૨૩

## નવતર પ્રયોગની કાર્યપદ્ધતિનું વર્ણન

➢ **હેતુઓ :**

- બાળકોનુ શબ્દભંડોળ વધે છે
- બાળકો જાતે શીખતા થાય છે
- બાળકો આજુબાજુના પર્યાવરણથી પરિચિત થાય છે
- બાળકો શાળામાં નિયમિત આવતાં થાય છે
- બાળકો તહેવારો, પશુ, પક્ષી, મેળા, શાકભાજી,ફળ,વગેરેની માહિતી મેળવે છે.

➢ **અમલીકરણ વ્યૂહરચના:**

ધોરણ ૨ માં ભણતાં બાળકોરમતાં રમતાં અને ભણતરનાં ભાર વગર શીખે તે ખૂબ જરૂરી હતું.તે માટે મેં દર મહીને એક પ્રોજેક્ટ બનાવવાનું શરૂ કર્યું.દરેક પ્રોજેક્ટ કોઈ એક થીમ પર હતો. દા.ત. એક મહિનામાં હોળી આવે છે તો તેનો પ્રોજેકટ બનાવવો આ પ્રોજેક્ટમાં હોળીની પ્રહલાદવાળી વાર્તા, બાળગીત, અભિનયગીત, રંગ પુરની. રંગોળી બનાવવી, ધાણી, ચણા, ખજુર નું સમૂહ ભોજન હોળી-ધૂળેટીમાં વપરાતા

શબ્દોની ચર્ચા અને લેખન તેમજ હોળી વિશે પાંચ વાક્ય લખાવવા તેનીસાથે તમારા ઘરમાં આતહેવાર તમે કેવી રીતે ઉજવો છો તેની ચર્ચા અનેશાળામાં તહેવારની ઉજવણી કરવી સાથે એકમ અનુરૂપ કસોટી લેવાની ,આ સિવાય પ્રાણીઓ નો પ્રોજેક્ટ વ્યવસાયકારો નો પ્રોજેક્ટ પક્ષીઓનો પ્રોજેક્ટ મેળાનો પ્રોજેક્ટ,શાકભાજીનો પ્રોજેક્ટ,ભાષા સપ્તાહની ઉજવણીનો પ્રોજેક્ટ વગેરે જેવા અન્ય પ્રોજેક્ટ બનાવવામાં આવ્યા મારા ઇનોવેશનથી બાળકો વાંચન-લેખનની સાથે આજુબાજુના વાતાવરણ માંથી શીખતાથયા.

- **ઉપયોગીતા:** બાળકો ના સમાજીક જીવનમાં ઉપયોગી થાય છે શીખેલું ભૂલતા નથી

- **નવતરપ્રયોગનું મૂલ્યાંકન:**

  દર મહિને એક પ્રોજેક્ટ બનતો બાળકોનુ શબ્દ ભંડોળ  કેટલું વધ્યું તે જાણવા માટે એક ટેસ્ટ લેવામાં આવે છે અને સતત મૂલ્યાંકન પણ કરવામાં આવે છે અને અમુક બાળકોને ઇનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવે છે

- **નવતર પ્રયોગનું પરિણામ:**

  આ ઇનોવેશનથી ધોરણ બે ના બાળકોનું શબ્દભંડોળ ખૂબ જ વધ્યું બાળકો સ્વતંત્ર લેખન કરતા થયા આજુબાજુના પર્યાવરણથી પરિચિત થયા શાળાના નિયમિત આવતા થયા લગભગ 80% બાળકોએ આ ઇનોવેશનથી ખૂબ જ સારું પરિણામ મેળવ્યું છે

- **નવતર પ્રયોગની વર્તમાન સ્થિતિ:** આ પ્રયોગ હાલ પણ ચાલુ છે

- **ફોટોગ્રાફ, વિડીયો લીંક,QR કોડ:**

  you tube link : https://youtu.be/pC4koTvKg2M?si=buXB8OibJPoKTett








# બમ્પ બોર્ડ ગેમ

ઇનોવેટરનું નામ : કુડેચા શિલ્પાબેન સુરેશભાઈ

શાળાનું નામ : શ્રી નાની રાફૂદડ પ્રાથમિક શાળા

ક્લસ્ટર/ક્યુડીસી : મોટી રાફૂદડ

તાલુકો : લાલપુર

મોબાઈલ નંબર : ૯૭૧૪૮ ૩૪૪૬૫

ઈમેલ આઇડી : shilpa.kudecha@gmail.com

વિભાગ (પ્રાથમિક/માધ્યમિક/ઉ.માધ્યમિક/પ્રશિક્ષણ સંસ્થા ) :પ્રાથમિક

નવતર પ્રયોગનું શીર્ષક :બમ્પ બોર્ડ ગેમ

નવતર પ્રયોગનું ક્ષેત્ર ( યાદીમાથી એક અથવા બે ક્ષેત્ર જ પસંદ કરવા ) :1.NCE-SE આધારિત

નવતર પ્રયોગ સામૂહિક કરેલ છે કે વ્યક્તિગત ? :વ્યક્તિગત

નવતર પ્રયોગની શરૂઆત ક્યારથી કરવામાં આવેલ છે :સપ્ટેમ્બર-૨૦૨૪ થી

## નવતર પ્રયોગની કાર્યપદ્ધતિનું વર્ણન

➢ હેતુઓ :

૧.બાળકોને ગણિતમાં રસ જાગે છે.

૨.બાળકો મૌલિક ગણતરી કરતા શીખે છે.

૩.બાળકોમાં સમુહ્ભાવનાનો વિકાસ થાય છે.

૪.બાળકો સ્ક્રીનથી દૂર રહે છે.

૫.બાળકોની યાદશક્તિનો વિકાસ થાય છે.

➢ **અમલીકરણ વ્યૂહરચના:** બાળકોને ગણિત વિષય ઓછો ગમે છે, વિષય ઓછો ગમવાના કારણે બાળકો ગણિતમાં રસ લેતા નથી.આથી બાળકો ગણિતમાં રસ લેતા થાય એટલા માટે નવતર પ્રયોગ તરીકે બમ્પ બોર્ડ ગેમ બનાવવામાં આવી છે જેમાં ગણિતના સરવાળા, બાદબાકી, ગુણાકાર, ભાગાકાર, અપૂર્ણાંક જેવી ઘણી બધી સંકલ્પનાઓ બાળકોને રમતા રમતા સમજાવી શકાય છે અને બાળકો ગણિતમાં રસ પણ લે છે . જેમ કે સરવાળા માટેની બમ્પ

બોર્ડ ગેમ હોય તો તેમાં કાર્ડ સીટમાંથી એક બોર્ડ બનાવવામાં આવે છે તેમાં વિવિધ બે અંકની સંખ્યા લખવાની બે પાસા લેવાના ઓછામાં ઓછા બે ખેલાડી રમી શકે અને મોટું બોર્ડ બનાવવામાં આવે તો તેમાં વધારે ખેલાડી પણ રમી શકે છે દરેક ખેલાડીને અલગ અલગ કલરની કુકરી આપવાની દરેકનો વારો આવે તે પ્રમાણે બંને પાસા સાથે ફેંકવાના પાસા પરના અંકનો સરવાળો કરવાનો અને સરવાળાનો જે જવાબ આવે તે અંક પર તે ખેલાડી પોતાની કુકરી રાખશે હવે જો સામેના ખેલાડીને કુકરી ફેકતા સરવાળા નો જવાબ તે જ આવે તો તે સામેના ખેલાડીની કુકરીને બહાર કાઢે છે અને તેને બંપ આપે છે આ અંક પર તે પોતાની કુકરી મૂકે છે આમ જે ખેલાડીની કુકરી સૌ પહેલા ખાલી થશે તે ખેલાડી વિજેતા થશે ટૂંકમાં આ સરવાળા ની બમ્પ બોર્ડ ગેમ દ્વારા વિદ્યાર્થી સંખ્યાજ્ઞાન અંકોના સરવાળા કરતા શીખશે તેમજ તેની યાદ શક્તિનો પણ વિકાસ થશે આ માત્ર સરવાળા નીગેમનો જ ઉલ્લેખ છે આ રીતે ઘડિયા બાદબાકી અપૂર્ણાંક જેવી ઘણી બધી ગેમ વિદ્યાર્થીઓને રમાડીને ગણિત શીખવાડી શકાય છે

- **<u>ઉપયોગીતા:</u>** આ નવતર પ્રયોગથી બાળકો ગણિતમાં રસ લેતા થયા છે અને રમત રમતમાં ઘણી સંકલ્પનાઓ શીખે પણ છે. આના નવતર પ્રયોગ શાળામાં ચાલુ છે દિવસે ને દિવસે નવી બમ્પ બોર્ડ ગેમ બનાવવાનું ચાલુ જ છે જેથી બાળકો નો ગણિત નો પાયો પાકો થઈ જાય.આ બમ્પ બોર્ડ ગેમ બાલવાટિકા થી તમામ ધોરણના બાળકો રમી શકે છે જેમાં ધોરણ લગત સંખ્યાજ્ઞાન, સરવાળા ,બાદબાકી, ગુણાકાર ,ભાગાકાર, અપૂર્ણાંક ઘડિયા જેવા બધી સંકલ્પનાની ગેમ છે .
- **<u>નવતરપ્ર યોગનું મૂલ્યાંકન:</u>** આ નવતર પ્રયોગની શરૂઆત ધોરણ ૬ ના ૨૩ બાળકોથી કરવામાં આવી આવી હતી જેમાં સૌ પ્રથમ ઘડિયા ની બમ્પ બોર્ડ ગેમ બનાવવામાં આવી હતી .ધીરે ધીરે બાળકોને ગણિત ની આ ગેમ માં રસ પડતા ગણિત ભણવામાં પણ રસ પડવા માંડ્યો છે આજે ૨૩ બાળકો માંથી ૧૫ બાળકો ઘડિયા સરવાળા બાદબાકી ગુણાકાર ભાગાકાર અપૂર્ણાંક શીખી ગયા છે
- **<u>નવતર પ્રયોગનું પરિણામ:</u>** આ બમ્પ બોર્ડ ગેમ દ્વારા બાળકો ગણિત માં રસ લેતા થયા છે અને ઉત્સાહ થી ગણિત ભણે છે

- **<u>નવતર પ્રયોગની વર્તમાન સ્થિતિ:</u>** આ નવતર પ્રયોગ શાળામાં ચાલુ જ છે દિવસે ને દિવસે નવી બમ્પ બોર્ડ ગેમ બનાવવાનું ચાલુ છે . જેનો ઉપયોગ શાળા ના તમામ બાલવાટિકા થી લઇ ને ધોરણ ૮ સુધીના બાળકો કરી શકે તેવા પ્રયત્નો રહેશે.
- **ફોટોગ્રાફ, વિડીયો લીંક, QR કોડ:**

https://youtu.be/OvIs4tsJGWs?si=rAUgDj2X9OwJNPJQ






# યાદ રાખીએ સરળતાથી વિજ્ઞાન


ઇનોવેટરનું નામ : પરમાર કલ્પેશ મગનભાઈ

હોદો : મદદનીશ શિક્ષક

શાળાનું નામ : શ્રી કન્યા વિદ્યાલય – 1 સિક્કા

ક્લસ્ટર/ક્યુડીસી : શ્રી ડી.સી.સી. તાલુકા શાળા

તાલુકો : જામનગર

મોબાઈલ નંબર : 9429801870

ઈમેલ આઇડી : kalpeshparmar1990@gmail.com


વિભાગ : પ્રાથમિક

નવતર પ્રયોગનું શીર્ષક : "યાદ રાખીએ સરળતાથી વિજ્ઞાન"

નવતર પ્રયોગની ક્ષેત્ર : વિષય વસ્તુ પેડાગોજી આધારિત

નવતર પ્રયોગ સામૂહિક કરેલ છે કે વ્યક્તિગત : વ્યક્તિગત

નવતર પ્રયોગની શરૂઆત ક્યારથી કરવામાં આવેલ છે : છ મહિના પહેલાથી (જુલાઈ 2024થી)

## નવતર પ્રયોગની કાર્યપદ્ધતિનું વર્ણન

### હેતુઓ :

1. વિદ્યાર્થીઓનો વિજ્ઞાન વિષયના લાંબા અને કઠિન બિંદુઓ ને યાદ રાખવા નો હાવ દૂર કરવો.
2. વિદ્યાર્થીઓને ઓછા સમયમાં બધા એકમોનું દઢીકરણ અને પુનરાવર્તન કરાવી શકાય.
3. વિદ્યાર્થીઓ સ્વમૂલ્યાંકન કરી શકે.
4. વિદ્યાર્થીઓનો વિજ્ઞાન વિષયમાં દરેક એકમમાં રસ અને રુચિ વધી શકે.
5. વિદ્યાર્થીઓને અધ્યયન નિષ્પતિ આધારિત મૂલ્યાંકન કરાવી શકાય.
6. વિદ્યાર્થીઓ વિજ્ઞાન વિષયમાં બનાવેલ CONCEPT MAP નો ઉપયોગ કરીને તેનું મહત્વ સમજે છે.
7. વિદ્યાર્થીઓ વિજ્ઞાન વિષયમાં બનાવેલ મોડેલ અને આકૃતિ વડે સરળતાથી સમજી શકે.

## અમલીકરણ વ્યુહ રચના

- સૌ પ્રથમ ધોરણ 6 થી 8 ના વિજ્ઞાન વિષયના એકમોના મુખ્ય મુદ્દા અને પેટા મુદ્દા ની યાદી તૈયાર કરી, ત્યારબાદ આ માહિતીને VISUAL સ્વરૂપે રજૂ કરવા માટે અલગ અલગ પ્રકારનાં CONCEPT MAP બનાવવામાં આવ્યા. જેમાં વિવિધ રંગોનો ઉપયોગ કરવામાં આવ્યો જેથી મેપ આકર્ષક લાગી શકે.
- CONCEPT MAP ની રચના એવી કરવામાં આવી કે જેથી વિદ્યાર્થીઓને વિજ્ઞાન વિષયના કઠિન બિંદુઓ નું સરળીકરણ કરીને ખૂબ જ સહેલાઈથી સમજાવી શકાય છે
- વિદ્યાર્થીઓ વિજ્ઞાન વિષયમાં બનાવેલ મોડેલ અને આકૃતિ વડે મુદ્દાઓ ને સરળતાથી સમજાવી શકાય છે.

## ઉપયોગિતા

- વિદ્યાર્થીઓનો વિજ્ઞાન વિષય પ્રત્યેનો હાવ દૂર થાય છે.
- વિદ્યાર્થીઓ CONCEPT MAP દ્વારા દરેક એકમમાં આવતા મુદ્દાઓનું દઢીકરણ અને પુનરાવર્તન કરી શકે છે.
- વિદ્યાર્થીઓ એકમના મુદ્દાઓને એકબીજા સાથે અનુબંધ કરતા શીખે છે.
- PSE, NMMS જેવી શિષ્યવૃત્તિ અને સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી ઓછા સમયમાં ઝડપથી કરી શકે છે.
- CONCEPT MAP દ્વારા વિદ્યાર્થિનીની સિદ્ધિ માં વધારો કરી શકાય છે.
- વિદ્યાર્થીની વિજ્ઞાન વિષયમાં રૂચિ લાંબા સમય સુધી જાળવી શકાય છે.
- વિદ્યાર્થીઓ વિજ્ઞાન વિષયમાં બનાવેલ આકૃતિ અને મોડેલ દ્વારા સરળતાથી એકમના મુદ્દાઓને સમજી શકે છે.

## નવતર પ્રયોગનું મૂલ્યાંકન

- વિદ્યાર્થીઓને એકમના અંતે અલગ અલગ પ્રકારની પ્રશ્નોત્તરી દ્વારા મૂલ્યાંકન કરવામાં આવ્યું.
- વિદ્યાર્થીઓને એકમમાં સમજાવેલ CONCEPT MAP નું દઢીકરણ કરી નોટબુકમાં લખવા માટે કહ્યું.

## નવતર પ્રયોગનું પરિણામ

- વિદ્યાર્થીઓ લાંબા અને કઠિન મુદ્દાઓને સરળતાથી સમજી અને યાદ રાખી શકે છે.
- વિદ્યાર્થીઓ CONCEPT MAP દ્વારા વર્ણનાત્મક મુદ્દાઓ સરળતાથી યાદ રાખી શક્યા.
- વિદ્યાર્થીઓને કઠીન  લાગતા બિંદુઓનું  દઢીકરણ અને પુનરાવર્તન સરળતાથી અને ઓછા સમયમાં અને અસરકારક રીતે કરાવી શકાયુ.
- વિદ્યાર્થીઓ સરળતાથી સ્વમૂલ્યાંકન કરી શકે છે.
- વિદ્યાર્થીઓ વિજ્ઞાન વિષયમા આકૃતિઓ સરળતાથી સમજી અને દોરી શકે છે.
- વિદ્યાર્થીની મૌખિક અભિવ્યક્તિ અને સર્જનાત્મકતાનો વિકાસ થઈ શકે છે.
- નવતર પ્રયોગ કર્યા પહેલા વર્ગના ૨૦% વિદ્યાર્થીઓ મૂલ્યાંકન માં ભાગ લેતા હતા પરંતુ પ્રયોગના અમલ બાદ 60% થી વધુ વિદ્યાર્થીઓ ભાગ લેતા થયા.

## નવતર પ્રયોગની વર્તમાન સ્થિતિ

- વિજ્ઞાન વિષયના દરેક એકમના અંતે CONCEPT MAP હોવો જોઈએ જેથી વિદ્યાર્થી માટે લાંબી માહિતી ને ટૂંકમાં યાદ રાખવી અને પુનરાવર્તન કરવું સરળ રહે છે. છે. આમ વિદ્યાર્થીઓમાંથી CONCEPT MAP દ્વારા વિજ્ઞાન વિષયના લાંબા એકમોનો ને યાદ રાખવાનો હાવ દૂર કરી શકાય છે.

## ફોટોગ્રાફ / વિડિયો લિન્ક / QRકોડ
















# પ્રયોગો દ્વારા વિજ્ઞાન શિક્ષણ


ઇનોવેટરનું નામ : ચનીયારા મનીષ અમૃતલાલ

હોદ્દો : મ. શિક્ષક

શાળાનું નામ : શ્રી મેલાણ પ્રા. શાળા

ક્લસ્ટર/ક્યુડીસી : તા. શા.નં.-૨

તાલુકો : જામજોધપુર

મોબાઈલ નંબર : ૯૮૭૯૧૨૮૧૨૬

ઈમેલ આઇડી : chaniaramanish81@gmail.com


વિભાગ : પ્રાથમિક

નવતર પ્રયોગનું શીર્ષક : પ્રયોગો દ્વારા વિજ્ઞાન શિક્ષણ

નવતર પ્રયોગની કેટેગરી ૧- ઈનોવેટીવ અધ્યયન અધ્યાપન પ્રક્રિયા અને મૂલ્યાંકન.

નવતર પ્રયોગ સામૂહિક કરેલ છે કે વ્યક્તિગત વ્યકિતગત

નવતર પ્રયોગની શરૂઆત ક્યારથી કરવામાં આવેલ છે જુલાઈ-૨૦૨૪ થી

## નવતર પ્રયોગની કાર્યપદ્ધતિનું વર્ણન

**હેતુઓ :**

- વિધાર્થીઓમાં વિજ્ઞાન વિષયમાં રસ રૂચી વધે.
- વિજ્ઞાનના પ્રોયોગ કરવાથી તેમની જીજ્ઞાસાવૃતિમાં વધારો થાય.
- શીખેલા વૈજ્ઞાનિક ખ્યાલોને રોજીંદા જીવનમાં લાગુ કરે.

**અમલીકરણ વ્યુહ રચના**

GCERT ના ૨૦૨૩ ના અભ્યાસક્રમ મુજબ ધોરણ-૭ માં વિજ્ઞાનના પાઠ્યપુસ્તકમાં આવતા દરેક એકમોમાં આવતાપ્રયોગો વિષયક માહિતી એકઠી કરી

- જે તે પ્રયોગો માટેની સામગ્રી માટે અલગ અલગ પાઠ મુજબ બોક્સ તૈયાર કર્યું.
- જયારે પણ તે પાઠ ચલાવવામાં આવે અને તે પાઠનો પ્રયોગ કરવાનો હોય ત્યારે સીધાજ બોક્સમાંથી તેના સાધનો મેળવી પ્રયોગ કરી શકાય.

## ઉપયોગિતા

- પ્રયોગો દ્વારા વિજ્ઞાન શીખવાથી દરેક વિધાર્થીની સર્જનાત્મકતા વિકસે છે.
- રિશેષ તેમજ નવરાશના સમયે બાળકો દ્વારા અસરકારક ઉપયોગ
- વિજ્ઞાન પ્રત્યે રસ અને રૂચી જાગૃત થાય.
- શાળાએ નિયમિત આવતા થાય.

## નવતર પ્રયોગનું મૂલ્યાંકન

- જાતે પ્રયોગ કરવાથી તેમનામાં પ્રશ્નો પૂછવાની આદત કેળવાય છે.
- આ નવતર પ્રયોગ પહેલા વિધાર્થીઓની સંક્લ્પનાની સમજ એવરેજ હતી. પરંતુ પ્રયોગો દ્વારા શીખવાથી તેમની સંકલ્પનાની સમજ માં ખુબજ વધારો થયો છે.

## નવતર પ્રયોગનું પરિણામ

૧. શાળામાં વિધાર્થીઓની હાજરીમાં વધારો થયો.
૨. વિજ્ઞાન પ્રત્યે રસ, રુચિ વધી.
૩. વિધાર્થી જાતે પ્રયોગ કરી તારણ મેળવે છે.
૪. વર્ગમાં પહેલા કરતા વધુ વિધાર્થીઓ પ્રશ્નોના જવાબ આપતા થયા છે.
૫. એકમ કસોટીનોટબૂકમાં પણ પ્રશ્નોના જવાબો સારી રીતે લખે છે.

## નવતર પ્રયોગની વર્તમાન સ્થિતિ

- શાળામાંનવતર પ્રયોગ ચાલુ જ છે. અને આગળના ધોરણોમાં પણ પ્રયોગો દ્વારા વિજ્ઞાનનું શિક્ષણ ચાલુ જ છે
- વિધાર્થીઓ સામેથી કહે છે કે પ્રયોગો કરવાની અમને ખુબજ મજા આવે છે અને સહેલાઇથી યાદ પણ રહી જાય છે.

## ફોટોગ્રાફ / વિડિયો લિન્ક / QR કોડ

QR CODE:-









# રમતા રમતા ગણિત શીખીએ

ઇનોવેટરનું નામ : ધવલકુમાર અશોકભાઈ ખાંટ

શાળાનું નામ : શ્રી ચુર પ્રાથમિક શાળા

ક્લસ્ટર/ક્યુડીસી : તાલુકો : જામજોધપુર

મોબાઈલ નંબર : 9727053220

ઈમેલ આઇડી : dhaval333khant@gmail.com

વિભાગ (પ્રાથમિક/માધ્યમિક/ઉ.માધ્યમિક/પ્રશિક્ષણ સંસ્થા ) : પ્રાથમિક

નવતર પ્રયોગનું શીર્ષક : રમતા રમતા ગણિત શીખીએ.

નવતર પ્રયોગનું ક્ષેત્ર ( યાદીમાથી એક અથવા બે ક્ષેત્ર જ પસંદ કરવા ) અધ્યયન અધ્યાપન પ્રક્રિયા દ્વારા મૂલ્યાંકન

નવતર પ્રયોગ સામૂહિક કરેલ છે કે વ્યક્તિગત ? : વ્યક્તિગત

નવતર પ્રયોગની શરૂઆત ક્યારથી કરવામાં આવેલ છે : જૂલાઈ 2024થી

## નવતર પ્રયોગની કાર્યપદ્ધતિનું વર્ણન

**હેતુઓ :**

- બાળકોને ગણિત વિષયમાં અરુચિ
- સામાન્ય ગણતરીમાં ટેરવાનો ઉપયોગ,ગણતરીમાં ખુબ ધીમા
- ગણિતના પ્રાથમિક ખ્યાલનો અભાવ
- ગણિતના વર્ગમાં ઓછી સક્રિયતા
- અન્ય વિષયમાં સારું પર્ફોર્મન્સ કરનાર વિદ્યાર્થી નો ગણિતમાં નબળો દેખાવ અમલીકરણવ્યૂહરચના:
- આ નવતર પ્રયોગમાં ઉપર જણાવ્યા મુજબ ગણિત વિષયની સમસ્યા જોવા મળી. તેને નિવારવા માટે મે રમત દ્વારા ગણિતનાં ખ્યાલો બાળકો શીખી શકે તે માટે રમત નિર્માણ કરવાનું વિચાર્યું આ રમતમાં ગણિતના પાયાના ખ્યાલો જેવાકે સરવાળા,બાદબાકી.ગુણાકાર,ભાગાકાર,મધ્યક,પૂર્વ સંખ્યા,પછીની સંખ્યા,અવિભાજ્ય-વિભાજ્ય સંખ્યા,હાર,સ્તંભ,વિકર્ણ નો સમાવેશ થાય તેમજ ઝડપ તથા ચોકસાઈ પણ વિકસે તેવું વિચાર્યું.

- આ માટે 1 થી 36 અંકોનું ૬X૬ નું કૌષ્ટક તૈયાર કર્યું તેમજ રમત માટે વિવિધ સિમ્બોલ તૈયાર કર્યા.
- પ્રાયોગિક આ સિમ્બોલ આધારીત વિવિધ કાર્ડસનું નિદર્શન વર્ગખંડમાં કર્યું. ઉપર જણાવ્યા મુજબની તમામ ગાણિતિક પ્રક્રિયા નો સમાવેશ થાય તેવા કાર્ડસ મે અને વિદ્યાર્થીઓ દ્વારા તૈયાર થયા.
- નવરાશની પળોમાં બાળકો આ કાર્ડસનાં ઉકેલ શોધવા માટે પ્રેરાયા.
- વર્ગના સર્વશ્રેષ્ઠ બાળક નક્કી કરવા 60 જેટલા કાર્ડસની ફાઈનલ રમત રમાડવાનું વિચાર્યું.
- આ રમતમાં ઝડપ અને ચોકસાઈથી વધુમાં વધુ કાર્ડસ ઉકેલનાર વિદ્યાર્થીને શાળામાં ઇનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા.

## ઉપયોગીતા:

આ પ્રયોગદ્વારા બાળકોમાં ગણિત વિષય પ્રત્યે રસ રુચિ વધ્યા અને રિશેષ દરમિયાન કાર્ડ દ્વારા રમત રમવા લાગ્યા

## નવતરપ્ર યોગનું મૂલ્યાંકન

આ પ્રયોગના મૂલ્યાંકન માટે બાળકોના ત્રણ ગ્રુપ બનાવી અને સ્પર્ધાનું આયોજન દર બે મહિને કરવામાં આવ્યું.

## નવતર પ્રયોગનું પરિણામ:

આ નવતર પ્રયોગ બાદ બાળકોમાં ગણિત વિષય પ્રત્યેનો ડર દુર થયો.વર્ગખંડમાં સક્રિય ભાગીદારી જોવા મળી. બાળક નાં વીકલી ટેસ્ટના પર્ફોમન્સમાં નોંધ પાત્ર સુધારો જોવા મળ્યો

## નવતર પ્રયોગની વર્તમાન સ્થિતિ:

આ નવતર પ્રયોગ પહેલા બાળકો ગણિત વિષય પ્રત્યે અરુચિ ધરવતા હતા.ઉપરાત ગણિતની પ્રાથમિક ક્રિયા જેવી કે સરવાળા, બાદબાકી. ગુણાકાર, ભાગાકાર, મધ્યક, પૂર્વ સંખ્યા, પછીની સંખ્યા, અવિભાજ્ય-વિભાજ્ય સંખ્યા, હાર, સ્તંભ, વિકર્ણ જેવા ખ્યાલો સ્પષ્ટ ન હતા.જેથી ગણિતના વર્ગમાં બાળકો ઓછા સક્રિય રહેતા.આ નવતર પ્રયોગ દ્વારા બાળકો રમતા રમતા ગણિત શીખવા માટે પ્રેરાયા. વાળી આ નવતર પ્રયોગમાં સ્પર્ધાત્મક વાતાવરણ મળતા વધુ સારું પર્ફોમન્સ થાય તે માટે પ્રયત્ન કરવા લાગ્યા.બાળકો આ રમત જૂથમાં રમવાની હોવાથી એકબીજાને મદદ કરતા પણ થયા.

ફોટોગ્રાફ, વિડીયો લીંક,QR કોડ:





# બાળ લેખકની બાળવાર્તાઓ

ઇનોવેટરનું નામ : જાદવ વિશાલભાઈ એ

હોદ્દો : મ. શિ

શાળાનું નામ : શ્રી ચુર પ્રાથમિક શાળા

ક્લસ્ટર/ક્યુડીસી : તાલુકા શાળા 2

તાલુકો : જામજોધપુર

મોબાઈલ નંબર : 92287-92564

ઈમેલ આઇડી : vishaljadav10885@gmail.com

વિભાગ (પ્રાથમિક/માધ્યમિક/ઉ.માધ્યમિક/પ્રશિક્ષણ સંસ્થા ) : પ્રાથમિક 6 થી 8 ભાષા

નવતર પ્રયોગનું શીર્ષક : બાળ લેખકની બાળવાર્તાઓ.

નવતર પ્રયોગનું ક્ષેત્ર ( યાદીમાથી એક અથવા બે ક્ષેત્ર જ પસંદ કરવા ) :

નવતર પ્રયોગ સામૂહિક કરેલ છે કે વ્યક્તિગત ? : વ્યક્તિગત

નવતર પ્રયોગની શરૂઆત ક્યારથી કરવામાં આવેલ છે : જુલાઈ 2024 માસ થી

## નવતર પ્રયોગની કાર્યપદ્ધતિનું વર્ણન

### હેતુઓ :

વિદ્યાર્થીઓને ભાષા વિષય પ્રત્યે વધારે રૂચી રહે તે માટે વાંચન એ ભાષાનું પ્રથમ પગથિયું છે.

જો વિદ્યાર્થીઓમાં વાંચનનો મહાવરો હશે તો જ વિચારવાની શક્તિ વધુ ખીલ છે તેમજ સારી રીતે પોતાની વાતને અભિવ્યક્ત કરી શકશે અથવા તો લેખન કરી શકશે.

- આ માટે એક વિચાર આવ્યો કે બાળકોની વિચાર શક્તિ સાથે વાંચન,લેખન વધુ સારી રીતે કેમ થાય તેઓ એક પ્રયત્ન કર્યો.
- આ પ્રયોગ માટે વિદ્યાર્થીઓને પાંચ ચિત્રો કાર્ડશીટમાં બતાવવામાં આવ્યા.
- આ પાંચ ચિત્રોમાં મોટાભાગે એક પેજમાં એક ચિત્ર રાખવામાં આવ્યું. આ પાંચ ચિત્રોને એવી રીતે કાર્ડશીટમાં ગોઠવવામાં આવ્યા કે બાળકો ચિત્રો જોઈને તેનું સુંદર રીતે વર્ણન કરી અને ચિત્ર વાર્તા નું મૌલિક લેખન કાર્ય કરી શકે.

## અમલીકરણ વ્યૂહરચના:

આ નવતર પ્રયોગ શાળાએ લેવામાં આવતી એકમ કસોટી અંતર્ગત કરવામાં આવ્યો છે.જેમાં વિદ્યાર્થીઓને વખતો-વખત પૂછાતા પ્રશ્નોમાં નો એક પ્રશ્ન આપેલા ચિત્રોનું વર્ણન કરો અથવા તો તમે અનુભવેલા પ્રસંગોનું વર્ણન કરો. લેખન કાર્યમાં પડતી મુશ્કેલીનું સરળીકરણ માટે આ નવતર પ્રયોગ જુલાઈ માસથી શરૂ કરવામાં આવ્યો હતો.

## ઉપયોગીતા:

આ નવતર પ્રયોગનો ઉપયોગ વિદ્યાર્થીઓને હાલની દરેક પ્રકારની શાળાકિય પરીક્ષા અથવા તો સ્પર્ધાત્મક પરીક્ષાઓ અંતર્ગત વર્ણનાત્મક પ્રશ્નોમાં ઉપયોગી થઈ રહેશે.

## નવતર પ્રયોગનું મૂલ્યાંકન:

આ નવતર પ્રયોગ ના અમલીકરણ કર્યા બાદ વિદ્યાર્થીઓમાં વાંચન, લેખન તેમજ ચિત્ર વર્ણન લેખનમાં સુધારો જોવા મળ્યો.

## નવતર પ્રયોગનું પરિણામ:

આ નવતર પ્રયોગના પરિણામ સ્વરૂપ વિદ્યાર્થીઓ વાર્તા લેખન તેમજ ચિત્ર વર્ણનમાં ઉત્સાહથી અભ્યાસ કરવા લાગ્યા.

## નવતર પ્રયોગની વર્તમાન સ્થિતિ:

વિદ્યાર્થીઓ એકમ કસોટી અંતર્ગત પૂછાતા પૂર્વજ્ઞાન આધારિત પ્રશ્નો નું લેખન કાર્ય સરળતાથી કરવા લાગ્યા.

## ફોટોગ્રાફ, વિડીયો લીંક, QR કોડ:













https://drive.google.com/drive/folders/11dLC1lc1qZ-N5NyVaTLLV3wgdcCutL32

# રમતું ગણિત, ગમતું ગણિત

ઇનોવેટરનું નામ : જાડેજા દિવ્યાબા ઘનશ્યામસિંહ

હોદ્દો : મ.શિક્ષક

શાળાનું નામ : શ્રી નવાગામ પ્રાથમિક શાળા

ક્લસ્ટર/ક્યુડીસી : કાનાલુસ તા. શાળા

તાલુકો : લાલપુર

મોબાઈલ નંબર : 9687799286

ઈમેલ આઇડી : divyabajadeja07@gmail.com

વિભાગ (પ્રાથમિક/માધ્યમિક/ઉ.માધ્યમિક/પ્રશિક્ષણ સંસ્થા ) : પ્રાથમિક

નવતર પ્રયોગનું શીર્ષક : રમતું ગણિત, ગમતું ગણિત

નવતર પ્રયોગનું ક્ષેત્ર ( યાદીમાથી એક અથવા બે ક્ષેત્ર જ પસંદ કરવા ) : 1.d મીડલ સ્ટેજ સંબંધિત ઇનોવેટીવ અધ્યયન અધ્યાપન પ્રક્રિયા અને મૂલ્યાંકન.

નવતર પ્રયોગ સામૂહિક કરેલ છે કે વ્યક્તિગત ? : વ્યક્તિગત

નવતર પ્રયોગની શરૂઆત ક્યારથી કરવામાં આવેલ છે : જૂન – 2024

## નવતર પ્રયોગની કાર્યપદ્ધતિનું વર્ણન

➢ **હેતુઓ :**

1. શિક્ષણ પ્રવૃતિશીલ બને.
2. તંદુરસ્ત હરીફાઈ દ્વારા ગુણવત્તાયુક્ત શિક્ષણ તથા મૂલ્યાંકન થાય.
3. અભ્યાસ પ્રત્યે વધુ રૂચી ઉત્પન્ન કરી શકાય.
4. શિક્ષકને સતત અને સર્વગ્રાહી મૂલ્યાંકન (રચનાત્મક પત્રક - A) કરવામાં સહેલાઈ રહે.
5. સહપાઠી શિક્ષણને પ્રોત્સાહન મળે.
6. અનૌપચારિક મૂલ્યાંકનને વધુ તક મળે.

➢ **અમલીકરણ વ્યૂહરચના:**

સામાન્ય રીતે ગણિત વિષય ખૂબ અઘરો લાગતો હોવાથી અપ્રિય વિષય બની રહે છે. આથી બાળકો આ વિષયમાં પુરતું ધ્યાન આપતા નથી. બાળકોને વારંવાર દાખલાઓ લખવાનો પણ કંટાળો

આવતો હોય છે, જેથી તેઓ લેખિત કસોટીઓ આપવામાં ઓછો રસ દાખવે છે. આ સમસ્યાને દૂર કરવાના વિચારથી આ શૈક્ષણિક વર્ષની શરૂઆતથી મેં મારો આ પ્રૉજેક્ટ અમલી બનાવ્યો. જેમાં મેં ધોરણ-7ના ગણિત વિષયના પ્રકરણો આધારિત કેટલીક અધ્યયન નિષ્પત્તિઓને સાંકળીને રમતો બનાવી. રમતોના નિર્માણકાર્યમાં બાળકોની મદદ પણ લીધી. ત્યારબાદ આ રમતોનો અધ્યાપન અને મૂલ્યાંકન પ્રક્રિયામાં ઉપયોગ કર્યો. જેમાં વિવિધ રમતો બનાવી જેવી કે MATCH THE CORRECT, HAPPY OR SAD, CROSS NUMBERS, MAKE THE RIGHT FRIEND, COUNT AND PLACE, WRITE AND WIN, WHO IS THE QUICKEST, PLACE THE CORRECT, FIND THE PAIR, વગેરે.

## ➢ ઉપયોગીતા:

- જુદી – જુદી રમતો દ્વારા બાળકોમા ચપળતાનો ગુણ કેળવી શકાય છે.
- બાળકોનો કસોટી થતી હોવાનો ભાવ દૂર થતા ઉત્સાહપૂર્વક મૂલ્યાંકનની પ્રક્રિયામા ભાગ લેતા થઈ શકે છે.
- રિસેસના સમયમાં બાળકો રમત રમી અને જ્ઞાન પ્રાપ્ત કરી શકે છે.
- સહપાઠી શિક્ષણને વધુ અવકાશ મળે છે.
- પ્રાપ્ત થયેલ જ્ઞાનનું ગમ્મત દ્વારા મૂલ્યાંકન કરી શકાય છે.
- શિક્ષક આ રમતોના ઉપયોગ દ્વારા સતત અને સર્વગ્રાહી મૂલ્યાંકન કરીને વિદ્યાર્થીની પ્રગતી જાણી શકે છે.
- બાળકોની સર્જનાત્મકતા ખીલવવામાં મદદરૂપ બની શકે છે.

## ➢ નવતર પ્રયોગનું મૂલ્યાંકન:

મારા આ નવતર પ્રયોગનો હેતુ બાળકોમાં ગણિત વિષય પ્રત્યે રહેલ ડર અને ઉદાસીનતા દૂર કરવાનો હતો. તેથી, આ સમગ્ર પ્રયોગનું મૂલ્યાંકન અનૌપચારિક રીતે કરવાનું થયું. સાથે-સાથે શિક્ષકો માટે મૂલ્યાંકનની નવીન રીત અપનાવવાથી તેમના કાર્યબોજમાં થતા ફેરફાર અંગે જાણવાનો હતો. આ નવીન રીતે મૂલ્યાંકનનો અમલ કરવા માટે મેં વર્ગ ધોરણ-7ના બાળકોની પસંદગી કરેલ. જેમાં મેં ધોરણ-7ના ગણિત વિષયના પ્રથમ તથા દ્વિતીય સત્રના પ્રકરણોનો સમાવેશ કરેલ. આ રીત દ્વારા બાળકોનું મૂલ્યાંકન ખૂબ જ સરળતાથી થયું. બાળકોએ ઉત્સાહભેર તમામ રમતોમાં ડર વગર ભાગ લીધો. તેમનો કસોટી બાબતનો હાવ ઓછો થયો.

## ➢ નવતર પ્રયોગનું પરિણામ:

- બાળકો રમતો અને પ્રવૃતિઓ દ્વારા મૂલ્યાંકનના હાવ વગર મળેલ જ્ઞાનને રજૂ કરી શકે છે.
- બાળકોમાં તર્કશક્તિમાં વધારો થયો છે.
- રમતો દ્વારા આનંદમયી વાતાવરણ થવાથી હેતુલક્ષી શિક્ષણ અને મૂલ્યાંકન શક્ય બન્યું.

- બાળકોની ગણિત પ્રત્યેની ઉદાસીનતા અને ડર ઘણા અંશે દૂર થયો છે.
- બાળકોની ગેરહાજરીમાં પણ ઘણા અંશે ઘટાડો થયો છે.
- અન્ય સહભ્યાસિક પ્રવૃત્તિઓમાં પણ બાળકોની ભાગીદારી વધી છે.

➢ **નવતર પ્રયોગની વર્તમાન સ્થિતિ:**

આ નવતર પ્રયોગ હાલમા શાળામા ધોરણ-7ના પ્રથમ તથા દ્વિતીય સત્રના પ્રકરણોના મૂલ્યાંકન સુધીનો સીમિત છે. જેને ભવિષ્યમાં ધોરણ 6, 7 તથા 8ના ગણિત વિષયના તમામ પ્રકરણો માટે અમલી બનાવી શકાય તે બાબતનું આયોજન ચાલુ છે.

➢ **ફોટોગ્રાફ, વિડીયો લીંક, QR કોડ:**

# સામાજિક વિજ્ઞાનની વિદ્યાસામગ્રી

ઇનોવેટરનું નામ : ગઢવી ગૌતમી કનુભાઈ
હોદ્દો : મ. શિક્ષક
શાળાનું નામ : શ્રી ગોવાણા તાલુકા શાળા
ક્લસ્ટર/ક્યુડીસી : શ્રી ગોવાણા તાલુકા શાળા
તાલુકો : લાલપુર
મોબાઈલ નંબર : 8511205009
ઈમેલ આઇડી : gautamiinnovation87@gmail.com

વિભાગ (પ્રાથમિક/માધ્યમિક/ઉ.માધ્યમિક/પ્રશિક્ષણ સંસ્થા ) : પ્રાથમિક

નવતર પ્રયોગનું શીર્ષક : સામાજિક વિજ્ઞાનની વિદ્યાસામગ્રી

નવતર પ્રયોગનું ક્ષેત્ર ( યાદીમાથી એક અથવા બે ક્ષેત્ર જ પસંદ કરવા ) : 1.d મીડલ સ્ટેજ સંબંધિત ઇનોવેટિવ અધ્યયન અધ્યાપન પ્રક્રિયા અને મૂલ્યાંકન .

નવતર પ્રયોગ સામૂહિક કરેલ છે કે વ્યક્તિગત ? : વ્યક્તિગત

નવતર પ્રયોગની શરૂઆત ક્યારથી કરવામાં આવેલ છે : જૂન 2024

## નવતર પ્રયોગની કાર્યપદ્ધતિનું વર્ણન

- **હેતુઓ :**

1. વિદ્યાર્થીઓ આ વિદ્યાસામગ્રી દ્વારા સરળતાથી શીખી શકે છે
2. વિદ્યાર્થીઓ આ વિદ્યાસામગ્રી બનાવવા માટે મદદરૂપ થતા હોવાથી તેમાં ક્રિયાત્મકતાનો ગુણ વિકસે છે
3. વારંવાર આ વિદ્યાસામગ્રી પોતાની નજર સમક્ષ જોઈ અઘરી બાબતોનું દ્રઢીકરણ અને પુનરાવર્તન થાય છે
4. આ વિદ્યાસામગ્રી બનાવતી વખતે એકબીજાની મદદરૂપ થતા હોવાથી બાળકો વચ્ચે ભાવાવરણનું વાતાવરણ સર્જાય છે

- **અમલીકરણ વ્યૂહરચના:**

બાળકો આજ વિદ્યા સામગ્રીના ઉપયોગો દ્વારા અઘરા લાગતા મુદ્દા સરળતાથી શીખી શકે છે. આ વિદ્યાસામગ્રીનો ઉપયોગ એકમ દરમિયાન સહાયક સામગ્રી તરીકે થાય છે તથા શાળામાં વર્ગખંડની અંદર જ કાયમ દર્શાવેલ હોવાથી બાળકો વારંવાર તેની મદદથી પુનરાવર્તન તથા

દ્રઢીકરણ કરતાં થાય છે. બાળકો પોતાની જાતે પણ આ સામગ્રી બનાવતા થયાં અને તેનો ઉપયોગ કરે છે.

- **ઉપયોગીતા:**

1. અઘરી અને જટિલ બાબતો સરળતાથી શીખી શકે છે.
2. મુખ્ય મુદ્દા યાદ રાખી અને લાંબા અને ટૂંકનોંધ જેવા પ્રશ્નોના જવાબ યાદ રાખી શકે છે.
3. મહત્વના મુદ્દા યાદ રાખી ખાલી જગ્યા જોડકા અને વિકલ્પો ના જવાબ સરળતાથી લખી શકે છે.

- **<u>નવતર પ્રયોગનું મૂલ્યાંકન:</u>**

1. એકમ કસોટીમાં બાળકોએ લખેલા જવાબના આધારે.
2. વર્ગમાં વિદ્યાર્થીઓની ક્રિયાત્મક ભાગીદારી દ્વારા.
3. પહેલા અને હાલની મૂલ્યાંકન કસોટીના લખેલા જવાબની તુલનાના આધારે.

- **નવતર પ્રયોગનું પરિણામ:**

1. બાળકોને હવે વિષયના અઘરા લાગતા મુદ્દામાં વિશે સરસ પડે છે.
2. પહેલા બાળકો નાના અને વૈકલ્પિક પ્રશ્નજ લખતા પરંતુ આ પ્રકારની વિદ્યા સામગ્રીના ઉપયોગથી પ્રશ્નોના જવાબ લાંબા અને વિસ્તારથી લખતા થયા.
3. એકમ કસોટી તેમજ છ માસિક પરીક્ષાના પરિણામમાં વધારો થયો.

- **નવતર પ્રયોગની વર્તમાન સ્થિતિ:**

આ નવતર પ્રયોગ હાલમાં શાળામાં ધોરણ 6થી8ના સામાજિક વિજ્ઞાન વિષયમાં અમલમાં છે. આવનાર સમયમાં હજુ એકમ અનુસાર અધ્યયન નિષ્પત્તિને કેન્દ્રમાં રાખીને વધારે ઊંડાણપૂર્વકની વિદ્યાસામગ્રીના નિર્માણનું આયોજન અને શૈક્ષણિક સાધનો બનાવવાનું કાર્ય ચાલુ છે. આ રીતે અન્ય વિષયોમાં પણ વિદ્યાસામગ્રી બનાવીને અધ્યાપનકાર્ય કરાવી શકાય.

- **ફોટોગ્રાફ, વિડીયો લીંક, QR કોડ:**














# રમતાં – રમતાં ENGLISH



ઇનોવેટરનું નામ : ઝાલા રાજેન્દ્રસિંહ પ્રતાપસિંહ

હોદ્દો : મ.શિ

શાળાનું નામ : શ્રી લાખાબાવળ કુમાર શાળા

ક્લસ્ટર/ક્યુડીસી : લાખાબાવળ તાલુકો : જામનગર

મોબાઈલ નંબર : 9099397144 / 991372830

વિભાગ (પ્રાથમિક/માધ્યમિક/ઉ.માધ્યમિક/પ્રશિક્ષણ સંસ્થા ) : પ્રાથમિક

નવતર પ્રયોગનું શીર્ષક : રમતાં – રમતાં ENGLISH

નવતર પ્રયોગનું ક્ષેત્ર ( યાદીમાથી એક અથવા બે ક્ષેત્ર જ પસંદ કરવા ) :

નવતર પ્રયોગ સામૂહિક કરેલ છે કે વ્યક્તિગત ? : વ્યક્તિગત

નવતર પ્રયોગની શરૂઆત ક્યારથી કરવામાં આવેલ છે : 18-11- 2024

## નવતર પ્રયોગની કાર્યપધ્ધતિનું વર્ણન

નવતર પ્રયોગ શ્રી લાખાબાવળ કુમાર શાળાના ધોરણ..3 થી 5 ના બાળકોને ધ્યાનમાં રાખીને કરવામાં આવ્યો છે.લાખાબાવળ કુમાર શાળાના બાળકોને અંગ્રેજી વિષયની પાયાની બાબતો શીખવામાં રસ અને રુચિનો અભાવ જોવા મળ્યો હતો.પાયાની બાબતોમાં કચાશ જોવા મળી હતી.બાળકોની કચાશ દૂર કરવા અને બાળકોને અંગ્રેજી વિષયમાં રસ –રુચિ વધે અને અંગ્રેજીમાં ઉત્સાહપૂર્વક રમતાં – રમતાં ENGLISH શીખે. રમતાં-રમતાં ENGLISH ભાગ -1 થી 12 ભાગ બનાનાવીને બાળકોને પાયાથી અંગ્રેજી વિષયનો પાયો મજબૂત બને અને બાળકો હોંશે-હોંશે અંગ્રેજી વિષયમાં ઉત્સાહ બતાવે એવો અમારો પ્રયત્ન રહ્યો છે.

➢ **હેતુઓ :**

- બાળકો અંગ્રેજીની પાયાની બાબતો ઉત્સાહ પૂર્વક શીખે.
- બાળકોને અંગ્રેજી વિષય પ્રત્યે લગાવ વધે.
- બાળકો અંગ્રેજી વિષય સહેલો અને સરળ બને.
- બાળકો ભાર વગરનું શિક્ષણ મળી રહે.
- બાળકો રિશેસના સમયનો સદુપયોગ કરી શકે.

## ➢ અમલીકરણ વ્યૂહરચના :

નવતર પ્રયોગ બાળકોને અંગ્રેજી વિષયની પાયાની બાબતો શીખવવા માટે કરવામાં આવ્યો છે..ધોરણ ..3 થી 5 ના બાળકોને અંગ્રેજી વિષયની પાયાની સંકલ્પના સિધ્ધ કરી ,બાળકોના જ્ઞાનમાં વધારો કરવા માટે આ નવતર પ્રયોગ 18-11-24 થી અમલમાં મૂકવામાં આવ્યો છે. અન્ય શાળાના બાળકો અને શિક્ષકો પણ આ પ્રયોગનો લાભ લઈ શકે છે. Whatsapp માધ્યમથી ગુજરાતના અન્ય જિલ્લા સુધી પહોચાડવામાં આવે છે.

## ➢ ઉપયોગીતા :

આ નવતર પ્રયોગમાં બાળકોના ગૃપ બનાવીને બુકની પ્રિન્ટ કરી તૈયારી કરવા માટે આપવામાં આવે છે.જેમાં સરળથી કઠીન તરફ બાળકો શીખી શકે છે. બાળકોએ શીખેલી બાબતોની પ્રવૃત્તિ અને ટેસ્ટ લેવામાં આવે છે. કોઈ બાળકોને ઓનલાઈન ટેસ્ટ આપવી હોય તે પણ આપી શકે છે. Youtubeના માધ્યમથી વિડીયો પણ જોઈ શકે છે.પોતાના જ્ઞાનને વધુ મજબૂત બનાવી શકે છે.

## ➢ નવતરપ્રયોગનું મૂલ્યાંકન :

આ નવતર પ્રયોગનું મુલ્યાંકન કરવા માટે બાળકને પ્રવૃત્તિ અને ટેસ્ટ લેવામાં આવે છે. બાળકોને ઓનલાઈન ટેસ્ટ લઈને પણ જ્ઞાન ચકાસી શકાય છે.

## ➢ નવતરપ્રયોગનુંપરિણામ :

ધોરણ ..3 થી 5 ના બાળકો ઉત્સાહથી અંગ્રેજીની પાયાની બાબતો શીખતા થયા છે. બાળકોના જ્ઞાનમાં વધારો થયેલો જોઈ શકાય છે. બાળકોને આપવામાં આવતી અંગ્રેજીની પ્રવૃત્તિ ઉત્સાહપૂર્વક અને રમતાં – રમતાં કરી શકે છે.

## ➢ નવતરપ્રયોગની વર્તમાન સ્થિતિ :



➤ <u>ફોટોગ્રાફ, વિડીયો લીંક,QR કોડ :</u>



# પઝલ ફ્યુઝન વીથ સાયન્સ



શિક્ષકનુ નામ : ડઢાણિયા રિપાબેન ધીરજલાલ

શાળાનુ નામ : શ્રી ભડાનેશ પ્રાથમિક શાળા,

ક્લસ્ટર/ક્યુડીસી : તા. શા. ન -3,

હોદ્દો : મદદનીશ શિક્ષક (ગણીત- વિજ્ઞાન)

તાલુકો : જામજોધપુર, જિ.-જામનગર

ઈ-મેલ આઈ.ડી : dadhaniyaripa23@gmail.com

મોબાઈલ નંબર : 9662087701

નવતરપ્રયોગનુ શીર્ષક: "પઝલ ફ્યુઝન વીથ સાયન્સ "

નવતરપ્રયોગનુ ક્ષેત્ર : વિષય વસ્તુ આધારીત પેડાગોજી

નવતરપ્રયોગ સામુહિક કરેલ છે કે વ્યક્તિગત? : સામુહિક

નવતરપ્રયોગની શરુઆત કયારથી કરવામા અવેલ: જુન-2023 થી

ઈનોવેશન માટેની સમસ્યા : ધોરણ 6 થી 8 ના વિદ્યાર્થી ઓને વિજ્ઞાન વિષયની અમુક બાબતો જેવી કે ટુંક જવાબી પ્રશ્નો કે મને ઓળખો જેવા પ્રશ્નો યાદ રહેતા ન હતા.

## નવતર પ્રયોગ ની કાર્યપદ્ધતિ

**હેતુ:**

- વિદ્યાર્થીઓનો વિજ્ઞાન વિષયમાં રસ જાગૃત થાય.
- વિજ્ઞાનને રોજિંદા જીવનમાં સાંકળી શકે.
- અધ્યયન અનુભવો પુરા પાડી શકે.
- બાળકોની સર્જનાત્મક શક્તિ વધે.
- અધ્યયન નિષ્પત્તિ આધારિત જ્ઞાન કેળવી શકે.

**અમલીકરણની વ્યુહરચના**

વિજ્ઞાન એ પ્રવૃત્તિ અને સર્જનાત્મક વિષય છે. ઘણા વિદ્યાર્થીઓને અમુક પ્રકરણો સમજવા અઘરા પડે છે. વિજ્ઞાન શિક્ષક તરીકે વર્ગખંડમાં રજૂ કરવામાં આવતા પ્રયોગ તથા મૌખિક

પ્રશ્નોત્તરીમાં નીરસતા જોવા મળી. ધોરણ 6થી 8ના વિદ્યાર્થીઓ પ્રથમ વિજ્ઞાન વિષયમાં ઓછો રસ ધરાવતા હતા અને ટુંક જવાબી પ્રશ્નો તથા એક વાક્યમાં જવાબ આપી શકતા ન હતા. જેના કારણે તેમને એકમ કસોટી તથા વાર્ષિક અને સંત્રાત પરીક્ષા દરમ્યાન ઓછા માર્ક્સ આવતા.

સૌપ્રથમ ધોરણ 6 થી 8 માં વિજ્ઞાન વિષયમા પ્રયોગો દ્વારા, પ્રશ્નોતરી દ્વારા કર્યું તો વિદ્યાર્થીઓના જવાબમાં 50% જેટલુ હકારાત્મક અભીગમ જોવા મળ્યો. ત્યાર બાદ ક્રાફ્ટ દ્વારા પઝલ બનાવીને વિદ્યાર્થીઓને શિખવ્યુ અને તેઓ વિજ્ઞાનમાં રસ ધરાવતા થયા. અલગ અલગ પ્રકરણની ક્રાફટ પદ્ધતિ દ્વારા વિદ્યાર્થીઓએ બધા એકમોનો અભ્યાસ કર્યો.

વિજ્ઞાન વિષયના એકમોમા આવતી રચના અને પાચનતંત્ર, રુધિરાભિસરણ તંત્ર, ઉત્સર્જન તંત્ર તથા દરેક આકૃતિ અને ચાર્ટને 3-D મોડલ બતાવી અને સમજાવવામાં આવ્યા તો થોડા ઘણા બાળકો રસ લેતા થયા બધા ટોપીકનું ક્રાફ્ટ અને પ્રશ્નોતરી દ્વારા મૂલ્યાંકન કર્યું તો ઘણા બાળકોને રુચિ પડી જ્યારે પઝલ અને ક્રાફ્ટ સાથે ચાર્ટ ,LM અને TLMબનાવી વિદ્યાર્થીઓને શીખવવામાં આવ્યું.

## <u>ઉપયોગીતા:</u>

- જ્ઞાનન સાથે ગમ્મત અને સર્જનાત્મકતાનો વિકાસ થયો.
- વિદ્યાર્થીઓનો વિજ્ઞાન વિષયમાં રસ જાગૃત થાયો.
- ચોકક્સાઇ, જીજ્ઞાસાવરુતી, કુતુહલતા અને વિજ્ઞાન વિષયમા હકારાત્મક અભિગમ કેળવાયો.
- વિદ્યાર્થીઓ રસ પૂર્વક તમામ પ્રવૃત્તિમાં ભાગ લેતા થયા.

## <u>નવતર પ્રયોગ મુલ્યાંકનની</u>

ઈનોવેશન કાર્ય દરમ્યાન સૌપ્રથામ તો વિજ્ઞાન વિષયમા પ્રયોગો દ્વારા, પ્રશ્નોતરી દ્વારા કર્યુ તો વિદ્યાર્થીઓના જવાબમાં 50% જેટલુ હકારાત્મક અભીગમ જોવા મળ્યો. ત્યાર બાદ ક્રાફ્ટ દ્વારા પઝલ બનાવીને વિદ્યાર્થીઓને શિખવ્યુ અને તેઓ વિજ્ઞાનમાં રસ ધરાવતા થયા. અલગ અલગ પ્રકરણની ક્રાફટ પધ્ધતી દ્વારા વિદ્યાર્થીઓએ બધા એકમોનો અભ્યાસ કર્યો ત્યારે 70% જેટલા બાળકો સમજીને પ્રશ્નોના જવાબ આપતા થયા. કસોટી નું આયોજન પણ કર્યું.

## <u>નવતર પ્રયોગનું પરિણામ</u>

સર્જનાત્મક મોડલ ચાર્ટ અને ક્રાફ્ટની પઝલ દ્વારા વિદ્યાર્થીઓ વિજ્ઞાનમાં અભિરુચિ કેળવી સરળતાથી રમતા રમતા પ્રશ્નોના જવાબ આપતા થયા . એકમ કસોટીમા સારા માર્કસ પ્રાપ્ત થયા.

- વિદ્યાર્થીઓનો વિજ્ઞાન વિષયમાં રસ જાગૃત થયો.
- વિજ્ઞાનને રોજિંદા જીવનમાં સાંકળતા થયા.

- અધ્યયન અનુભવો સાકળી ને અભ્યાસ કરતા થયા.
- બાળકોની સર્જનાત્મક શક્તિમા વધારો થયો.
- અધ્યયન નિષ્પત્તિ આધારિત જ્ઞાન કેળવી શકયા.

## નવતર પ્રયોગ વર્તમાન સ્થિતિ :

હાલ નવતર પ્રયોગ ચાલુ છે. નવી પઝલ અને ક્રાફ્ટ બનવા નુ કામ હજુ ચાલુ છે.

## ફોટોગ્રાફ, વિડીયો લીંક,QR કોડ :

**ધોરણ-6**




**ધોરણ-7**




**ધોરણ-8**






https://drive.google.com/drive/folders/1-7Nn5g8aUArblppNWUVGyDpvSEyGhKFu

# Maths - Magic

ઇનોવેટરનું નામ : ખીમસીયા અજય જે. અને વેગડ ભરત બી.

હોદ્દો : મ. શિ.



શાળાનું નામ : શ્રી નાંદુરી તાલુકા શાળા

ક્લસ્ટર/ક્યુડીસી : નાંદુરી

તાલુકો : લાલપુર

મોબાઈલ નંબર : 9924103474

ઈમેલ આઇડી : nandurieduinvo@gmail.com

વિભાગ (પ્રાથમિક/માધ્યમિક/ઉ.માધ્યમિક/પ્રશિક્ષણ સંસ્થા ) : પ્રાથમિક

નવતર પ્રયોગનું શીર્ષક : વિષયવસ્તુ પેડાગોજી આધારિત (રમત- ગમત) Maths - Magic

નવતર પ્રયોગનું ક્ષેત્ર ( યાદીમાથી એક અથવા બે ક્ષેત્ર જ પસંદ કરવા ) :

ઇનોવેટીવ અધ્યયન અધ્યાપન પ્રક્રિયા અને મુલ્યાંકન

નવતર પ્રયોગ સામૂહિક કરેલ છે કે વ્યક્તિગત ? : સામૂહિક

નવતર પ્રયોગની શરૂઆત ક્યારથી કરવામાં આવેલ છે : જૂન થી

## નવતર પ્રયોગની કાર્યપદ્ધતિનું વર્ણન

**હેતુઓ :**

1. બાળકો રમત ગમત દ્વારા ગણિત વિષયનુ શિક્ષણ મેળવે.
2. ગણિત વિષયના પાયાના કૌશલ્યો સરળતાથી શીખે.
3. બાળકોમાં સમુહ ભાવના, નેતૃત્વ ચપળતા, એકાગ્રતા જેવા ગુણો વિકસે.

**અમલીકરણ વ્યૂહરચના:**

વિધ્યાર્થી ઓ પરિમિતિ અને ક્ષેત્રફળના સુત્રો પાકા કરી રાખેલ હોય છે. પણ ક્યારે ક્યા સુત્રો વાપરવા તે વિશે મૂંઝવળ હોય છે. ટૂંકમા યંત્રવત કાર્ય કરતા અને નિરૂત્સાહીત બને છે. નાંદુરી તાલુકા શાળામાં ધોરણ છ થી આઠ માં કુલ 55 વિદ્યાર્થીઓ છે જેઓ માંથી15 વિદ્યાર્થીઓ વ્યવસ્થિત સૂત્રનો ઉપયોગ કરી દાખલા ગણી શકતા , 27% થી ઓછા બાળકો દાખલા ગણી શકતા હતા.

આ માટે જૂન થી અધ્યયન -અધ્યાપન  ને ધ્યાનમાં રાખીને રમત - ગમત દ્વારા પરિમિતિ અને ક્ષેત્રફળના  સૂત્રોનો ઉપયોગ કરાવીને દાખલા ગણવાની અમલવારી કરી.

**ઉપયોગીતા:**

ધોરણ પ્રમાણે જૂથ બનાવી રમત -ગમત પ્રવૃત્તિ કરાવતા -ભરાવતા સ્વા ના દાખલા ના સૂત્રો લખાવ્યા આ માટે ત્રિકોણ, ચોરસ, લંબચોરસ, પંચકોણ અને ષષ્ટકોણ આકૃતિમાં મોડેલ આપી માપન માટે દોરીની મદદથી પ્રવૃત્તિ કરી આ દ્વારા સૂત્રો પણ તેની સામે રાખી ગણતરી કરવામાં રમતો રમતા દાખલા ગણાવ્યા આમ ગણિત વિષયનું શિક્ષણ સમજપૂર્વક અને મૂર્ત વસ્તુઓ સાથે કરતા થયા

**નવતર પ્રયોગનું મૂલ્યાંકન:**

ધોરણ પ્રમાણે રમત - ગમત દ્વારા દરરોજ અનૌપચારિક નિદર્શન કરી મૂલ્યાંકન કરવામાં આવ્યું.

**પરિણામ : -**

આ નવતર પ્રવૃત્તિથી 30 થી 35% વિદ્યાર્થીઓ પોતાની મેળે સૂત્રોનો સમજપૂર્વક ઉપયોગ કરી દાખલા ગણવામાં રસ ધરાવતા થયા,અને અમુક વિદ્યાર્થીઓ સૂત્રને વ્યવસ્થિત રીતે ઉપયોગ કરી સ્વ અધ્યયન પોથીમાં જાતે લેસન કરતા થયા .

**નવતર પ્રયોગની વર્તમાન સ્થિતિ:**

- આ પ્રયોગ શાળામાં તો ચાલે જ છે. ક્લસ્ટરની અન્ય શાળાઓમાં પણ ઉપયોગી થઈ રહી છે જે
- જેનો ઉપયોગ અન્ય શાળામાં જેવી કે રીંજપર અને ચોરબેડી શાળામાં ઉપયોગ થઈ રહ્યો છે.

ફોટોગ્રાફ, વિડીયો લીંક, QR કોડ:



SCAN ME

Videos and Photos :-

https://drive.google.com/drive/folders/1eVYqPCehOF8KpnDklT0kw3wmRMRCSWDF?usp=drive_link

## Digital એકલવ્ય




ઇનોવેટરનું નામ : ઘેટીયા ડેનિશ રાજેશભાઈ

હોદ્દો : આચાર્ય,

શાળાનું નામ : શ્રી મેવાસા વાડી પ્રા. શાળા

ક્લસ્ટર : નવાગામ, તાલુકો: કાલાવડ

Email Id : drghetia@gmail.com

મોબાઇલ નંબર : 9898468998,

વિભાગ : પ્રાથમિક


નવતર પ્રયોગનું શીર્ષક: "Digital એકલવ્ય"

નવતર પ્રયોગનું ક્ષેત્ર: ડિજિટલ ટેક્નોલોજી આધારિત, શાળા સંસાધનો અને પબ્લિક પ્રાઇવેટ પાર્ટનરશીપ / અધ્યયન

સંસાધન તરીકે વાલી/સમાજનો ઉપયોગ

નવતર પ્રયોગ સામૂહિક કરેલ છે કે વ્યક્તિગત: સામૂહિક, પ્ર

યોગની શરૂઆત: 18/3/2020

## <u>નવતર પ્રયોગની કાર્યપદ્ધતિનું વર્ણન</u>

<u>હેતુઓ:</u>

- **ટેક્નોલોજીથી** શિક્ષણને વધુ સરળ, અસરકારક, મુલ્યલક્ષી, અને સૌને પરવડે તેવું બનાવવાનો પ્રયત્ન.
- **ડ્રોપઆઉટ રેસિયોમાં ઘટાડો** લાવીને તેમની શૈક્ષણિક યાત્રાને સતત બનાવવી.
- **શહેરી સ્થળાંતર ઘટાડવું:** ગુણવત્તાયુક્ત શિક્ષણ પ્રદાન કરીને ગામડાના વિદ્યાર્થીઓને પ્રાઇવેટ શિક્ષણ માટે થતાં શહેર તરફ સ્થળાંતરને ઘટાડવું.
- **સૌને પરવડે તેવી ટેક્નોલોજીનો ઉપયોગ:** અંતરિયાળ ગામડાઓ સુધી સરળતાથી ઉપલબ્ધ થતી અને સૌને પોષાય તેવી ટેક્નોલોજીના ઉપયોગથી બાળકોને આધુનિક શિક્ષણ સાથે અવગત કરાવવું

## અમલીકરણ વ્યુહરચના:

- **ટેકનોલોજી અને શિક્ષણનો સમન્વય:**

આજના સમયમાં ટેકનોલોજી અને શિક્ષણના સમન્વયથી અંતરિયાળ ગામડાઓની સરકારી શાળાઓ અને બાળકો સુધી ગુણવત્તાવાળા શિક્ષણને પહોંચાડવા માટે અમારી શાળાએ **ધોરણ 1 થી 10 માટે ડિજિટલ લાઇબ્રેરી** વિકસાવી છે

- ડિજિટલ લાઇબ્રેરીમાં શૈક્ષણિક વિષયવસ્તુને **એનિમેશન અને વિષય નિષ્ણાતોના માર્ગદર્શન** સાથે તૈયાર કરવામાં આવ્યું છે.
- વિષયવસ્તુને **પેન ડ્રાઇવના માધ્યમથી** બાળકોના ઘરો સુધી પહોંચાડવામાં આવ્યું છે.
- બાળકો પેન ડ્રાઇવને પોતાના ઘરે **ટીવી સાથે કનેક્ટ** કરીને શૈક્ષણિક સામગ્રી જોઈ શકે છે.
- શાળાના **શિક્ષકો અને ગામના દાતાશ્રીઓના** સહકારથી પેન ડ્રાઇવ તમામ બાળકોના ઘર સુધી પહોંચાડવામાં આવી રહી છે.
- **ટેક્નિકલ સપોર્ટ** માટે સહાયની વ્યવસ્થા રૂપે અન્ય અનુભવી બાળકોનો સહકાર લેવામાં આવે છે.

## નવતર પ્રયોગની ઉપયોગિતા:

**અસરકારક અને રસપ્રદ શિક્ષણ:**

- **એનિમેશન શૈક્ષણિક વિડિયો** ની ડિજિટલ લાઇબ્રેરી વડે શિક્ષણ વધુ **અસરકારક, રસમય અને જ્ઞાનસભર** બને છે.

**શિક્ષકો પરનુ ભારણમાં ઘટાડો:**

- ડિજિટલ લાઇબ્રેરીના માધ્યમથી **શિક્ષકો પરનુ ભારણ ઘટે** છે.
- આ પ્રોજેક્ટ ઓછા સમયમાં વધુ અસરકારક શિક્ષણકાર્ય પૂરુ કરવા માટે **શિક્ષકોને મદદરૂપ** થાય છે.

**બાળકોનો સ્વવિકાસ:**

- ડિજિટલ લાઇબ્રેરી દ્વારા બાળકોમાં **જાતે શીખવાની ભાવના** વિકસે છે.
- **સ્વવિશ્લેષણ અને સ્વઅભ્યાસ** માટે પ્રોત્સાહિત કરવાથી તેઓ પોતાનો મહત્તમ વિકાસ કરી શકે છે.

## નવતર પ્રયોગનું મૂલ્યાંકન:

- બાળકોના **વાંચન, લેખન અને ગણન** જેવા કુશળતાના વિકાસનું મૂલ્યાંકન.
- **એકમ કસોટી, સત્રાંત પરીક્ષા અને વાર્ષિક પરીક્ષાના** પરિણામોનું વિશ્લેષણ.

- પ્રોજેક્ટ શરૂ થતાં પહેલાં અને પછીના **પરિણામોની તુલના.**
- શૈક્ષણિક **રસ, હાજરીનું પ્રમાણ અને ડ્રોપઆઉટ રેટમાં** સુધારાના મૂલ્યાંકન.

## નવતર પ્રયોગનું પરિણામ:

- બાળકો **સ્વાધ્યયન** માટે તૈયાર થયા
- શિક્ષણ પ્રત્યેનો **ડર અને અણગમો** દૂર થયો.
- એકમ કસોટી અને વાર્ષિક **પરિણામોમાં સુધારાઓ** જોવા મળ્યા.
- બાળકો ટેક્નોલોજી સાથે અવગત થયા અને **"Digital એકલવ્ય"** બન્યા.

## નવતર પ્રયોગની વર્તમાન સ્થિતિ:

- **2020:** 18 માર્ચ, 2020ના રોજ પ્રોજેક્ટ શરૂ થયો, પણ કોરોના મહામારીના કારણે પ્રથમ **પ્રયત્ન નિષ્ફળ** રહ્યો.
- **2022:** પેન ડ્રાઇવના માધ્યમથી શૈક્ષણિક સામગ્રી પહોંચાડવા **મિશ્ર પરિણામ** મળ્યા.
- **2024:** પ્રોજેક્ટે અવિશ્વાસનીય સફળતા મેળવી અને **ગ્રામજનો તથા દાતાશ્રીઓનો સાથ સહકાર** મળ્યો
- **લક્ષ્યાંક:** ડિજિટલ એકલવ્ય પ્રોજેક્ટનો લક્ષ્ય **ગુજરાતના તમામ ગામડાઓ** સુધી આ મોડલને પહોંચાડવાનો છે

**Photograph/Link/QR Code**



# નક્ષત્રોની સમજ



ઇનોવેટરનું નામ : ઝાલા ગજેન્દ્રસિંહ

હોદ્દો : મદદનીશ શિક્ષક

શાળાનું નામ : નવાણીયા પ્રાથમિક શાળા

ક્લસ્ટર/ક્યુડીસી : પડાણા

તાલુકો : લાલપુર

મોબાઈલ નંબર : 9913670477

ઈમેલ આઇડી : zalagajendrasinh80@gmail.com

વિભાગ (પ્રાથમિક/માધ્યમિક/ઉ.માધ્યમિક/પ્રશિક્ષણ સંસ્થા ) :ઉચ્ચતર પ્રાથમિક શાળા

નવતર પ્રયોગનું શીર્ષક : નક્ષત્રોની સમજ

નવતર પ્રયોગનું ક્ષેત્ર (યાદીમાથી એક અથવા બે ક્ષેત્ર જ પસંદ કરવા) :વિષયવસ્તુ પેડાગોજી આધારિત

નવતર પ્રયોગ સામૂહિક કરેલ છે કે વ્યક્તિગત ? :વ્યક્તિગત

નવતર પ્રયોગની શરૂઆત ક્યારથી કરવામાં આવેલ છે :જુલાઈ માસ

## નવતર પ્રયોગની કાર્યપદ્ધતિનું વર્ણન

**હેતુઓ :**

વિદ્યાર્થીઓ નક્ષત્રોની સમજ મેળવે છે.

**અમલીકરણ વ્યૂહરચના:**

ધોરણ છ સામાજિક વિજ્ઞાન એકમ નંબર ૭ આપણું ઘર પૃથ્વી માં નક્ષત્રની સમાજ આપવામાં આવેલી છે. જેમાં વિદ્યાર્થીઓને તેમાં પૂરતી માહિતી ન હોવાથી youtube માં વિડિયો બતાવીને એમને વિસ્તારથી સમજ અપાવી. આ રીતે વિદ્યાર્થીઓને નક્ષત્રોની સમજ મળેલ છે.

**ઉપયોગીતા:**

વિદ્યાર્થીઓએ નક્ષત્રોની સમજ મેળવીછે.

**નવતર પ્રયોગનું મૂલ્યાંકન:**

વિદ્યાર્થીઓને પ્રશ્નોત્તરી કરતા તેમની નક્ષત્રો આધારિત સમજ મેળવે છે.

**<u>નવતર પ્રયોગનું પરિણામ:</u>**

વિદ્યાર્થીઓને નક્ષત્ર ની સમજ મેળવેલ છે. તેમના માનસપટલ પર રહે છે.

**<u>નવતર પ્રયોગની વર્તમાન સ્થિતિ:</u>**

ધોરણ છ ના રૂમમાં નક્ષત્ર નું ટીએલએમ આવેલ હોય વિદ્યાર્થીઓ રોજ તેને જોઈ શકે છે અને યાદ રાખી શકે છે.

ફોટોગ્રાફ, વિડીયો લીંક, QR કોડ:

# MathsMadeEasy - ઈન્ટરએક્ટિવ વેબસાઈટ દ્વારા ગણિતમાં શિક્ષણ




ઇનોવેટર નું નામ : મિનલબેન મહેન્દ્રભાઈ વંકાણી

શાળાનું નામ : શ્રી આણંદપર કન્યાશાળા

ક્લસ્ટર : નિકાવા. તાલુકો - કાલાવડ

મોબાઈલ નંબર : 7567765638.

ઇ-મેલ આઇડી. : minalvankani1@gmail.com


વિભાગ : પ્રાથમિક

નવતર પ્રયોગનું શીર્ષક - MathsMadeEasy - ઈન્ટરએક્ટિવ વેબસાઈટ દ્વારા ગણિતમાં શિક્ષણ

નવતર પ્રયોગનું ક્ષેત્ર - વિભાગ-2 ડિજિટલ ટેકનોલોજી આધારીત

(B) Artificial Intelligence (AI) નો શિક્ષણમાં/ મૂલ્યાંકનમા ઉપયોગ

નવતર પ્રયોગ સામૂહિક કરેલ છે કે વ્યક્તિગત : વ્યક્તિગત

નવતર પ્રયોગ ની શરૂઆત ક્યારથી કરવામાં આવેલ છે June 2024

## નવતર પ્રયોગની કાર્યપદ્ધતિનું વર્ણન :

આજે SOE અંતર્ગત શાળામાં સ્માર્ટ ટીવી તથા કોમ્પ્યુટર આપેલા છે. બાળકો સ્માર્ટ ટીવી નો અભ્યાસમાં ઉપયોગ કરી રહ્યા છે. આથી વિચાર આવ્યો કે ગણિત વિષયમાં પાયાના જ્ઞાન માટે સ્માર્ટ ટીવી નો ઉપયોગ કઈ રીતે કરવો. આ વિચાર અંતર્ગત એક વેબસાઈટ બનાવવાનો વિચાર આવ્યો. જે સ્માર્ટ ટીવી મોબાઈલ કોમ્પ્યુટરમાં ખુલી શકે. આથી minalmathsworld.netlify.app નામની વેબસાઈટનું નિર્માણ કર્યું. જેમાં ગણિતની વિવિધ પાયાની ક્રિયાઓને આવરી લેવામાં આવી. આ વેબસાઈટને ઓનલાઇન અપલોડ કરેલ. જેથી દુનિયામાં કોઈ પણ ખૂણેથી બાળક આ વેબસાઈટ ખોલી ગણિતના દાખલાની પ્રેક્ટિસ કરી શકે. શાળાના સ્માર્ટ ટીવીમાં આ વેબસાઈટ ખોલી ગણિતના દાખલા ની પ્રેક્ટિસ કરાવવામાં આવી. જેથી બાળકોના ગણન કાર્યમાં સુધારો આવ્યો. આ ઉપરાંત આ વેબસાઈટ ની લીંક બાળકો દ્વારા તેમના મિત્રને મોકલવામાં આવી. જેથી આજે આ વેબસાઈટનો મોટા પ્રમાણમાં ઉપયોગ થઈ રહ્યો છે. આ ઉપરાંત એક ગણન એપ બનાવેલ જેમાં બાળકોના ગણનકાર્ય ની પરીક્ષા લેવામાં આવે છે. બાળકોએ આ એપમાં ગણેલા દાખલાનું તેમાં મૂલ્યાંકન પણ થઈ જાય છે અને તેને શેમાં મહાવરાની જરૂર છે તે પણ જણાવવામાં આવે છે. આ એપમાં બાળકોનું પરિણામ સાચવેલું રહેતું હોવાથી શિક્ષકોને બાળકોનું મૂલ્યાંકન કરવામાં સરળતા રહે છે. શાળાના કોમ્પ્યુટર રૂમમાં બાળકોને

જો એક સાથે અલગ અલગ કોમ્પ્યુટર પર બેસાડી દેવામાં આવે અને ગણન કાર્ય ની ટેસ્ટ લેવામાં આવે તો દરેક બાળકને અલગ અલગ દાખલો એપ દ્વારા આપવામાં આવશે જેથી બાળકોનું મૂલ્યાંકન સ્વતંત્ર રીતે થઈ જાય છે. અને ઓછા સમયમાં શિક્ષક દ્વારા બાળકોનું મૂલ્યાંકન થઈ જાય છે. અને શિક્ષકોને પેપર જોવામાંથી પણ મુક્તિ મળી જાય છે.

**હેતુઓ:**

(૧) વિદ્યાર્થીઓને મહાવરા માટે વધુ દાખલા ની પ્રેક્ટિસ મળે.

(૨) વિદ્યાર્થી તેના રસ રુચિ આધારિત અધ્યયન કરે.

(૩) વિદ્યાર્થી સરળતાથી કઠિનતાના ક્રમ મુજબ અધ્યયન નિષ્પતિ સિદ્ધ કરે.

(4) ગણિત વિદ્યાર્થીઓ માટે સહેલું બને.

**અમલીકરણની વ્યુહ રચના**

બાળકોમાં રહેલી ગણિતની પાયાની કચાસ દૂર કરવા તથા ગણન કાર્ય ની ટેસ્ટ લેવા માટે minalmathsworld.netlify.app નામની વેબસાઈટ બનાવેલ આ વેબસાઈટ ઓનલાઈન અપલોડ કરેલ. આ વેબસાઈટ google પર સર્ચ કરીને મેળવી શકાય છે. આ વેબસાઈટ સ્માર્ટ ટીવી, મોબાઈલ ,લેપટોપ તથા કોમ્પ્યુટરમાં ખોલી શકાય છે. આ એપમાં સરવાળા, બાદબાકી ,ગુણાકાર, ભાગાકારના દાખલા, સ્થાન કિંમત, ચડતો ક્રમ ,ઉતરતો ક્રમ ,અંક પરથી મોટી સંખ્યા, નાની સંખ્યા ,આગળની સંખ્યા વગેરે તથા મેદાનમાં બાળકોને રમાડી શકાય તેવી ગણિતની રમતો નો સમાવેશ કરેલો છે. આ વેબસાઈટ સ્માર્ટ ટીવી તથા કોમ્પ્યુટરમાં ખોલી બાળકો પાસે ગણિતના દાખલા ની પ્રેક્ટિસ કરાવવામાં આવે છે. બાળકોને આ વેબસાઈટની લિંક મોકલી તેમની પાસે ઘરે પણ દાખલાની પ્રેક્ટિસ કરાવવામાં આવે છે. આજે આ એપનો જુદા જુદા શહેરમાં ઉપયોગ થઈ રહ્યો છે.

**ઉપયોગીતા**

ધોરણ એક થી આઠ ના બાળકો આ વેબસાઈટ નો ઉપયોગ કરી તેમના ગણિતના પાયાના જ્ઞાનમાં જે કચાસ રહેલી છે તે દૂર કરી રહ્યા છે.

**નવતર પ્રયોગનું મૂલ્યાંકન-**

આ નવતર પ્રયોગનું મૂલ્યાંકન બાળકો આ વેબસાઈટ ને વાપરતા તરત જ થઈ જાય છે જેથી બાળક ક્યાં ભૂલ કરે છે તે તરત જ બાળકને અને સાથે શિક્ષકને પણ ખ્યાલ આવી જાય છે. અહીં બાળકો પાસે દાખલાનો મહાવરો કરાવી ફરી ટેસ્ટ લાઇન તેનું મૂલ્યાંકન કરી શકાય છે.

**નવતર પ્રયોગનું પરિણામ**

શાળાના પ્રિય બાળકો જે ગણિતમાં પાયાના જ્ઞાનની કચાસ ધરાવે છે તે આ વેબસાઈટના ઉપયોગ દ્વારા તેમના જ્ઞાનમાં વધારો થયો અને તેમનો ગણિત વિષયના ડર દૂર થવા લાગ્યો.

## નવતર પ્રયોગની વર્તમાન સ્થિતિ

આજે ધોરણ 1 થી 8 ના બાળકો મેથ્સ વેબસાઈટનો ઉપયોગ કરી રહ્યા છે 30% બાળકોના જ્ઞાનમાં ૪૦ ટકા જેટલો વધારો થયો છે. અને હાલ પણ આ વેબસાઈટ નો ઉપયોગ ધોરણ એક થી આઠ ના બાળકો દાખલાની પ્રેક્ટિસ કરવા માટે કરી રહ્યા છે.

## ફોટોગ્રાફ /વિડીયો લીંક /કયુ આર કોડ












Website link - 1) https://minalmathsworld.netlify.app/

2) https://ganantest.netlify.app/

QR CODE -

# ચિત્રકલા દ્વારા જીવન કૌશલ્યો અને મૂલ્યોનો વિકાસ




ઇનોવેટરનું નામ : મીનાબેન હીરાલાલ પરમાર

હોદ્દો : આચાર્ય

શાળાનું નામ : લતિપુર તાલુકા શાળા-તા.ધ્રોલ

ક્લસ્ટર/ક્યુડીસી : લતિપુર

તાલુકો : ધ્રોલ

મોબાઈલ નંબર : 92653 81033

ઈમેલ આઇડી :


વિભાગ (પ્રાથમિક/માધ્યમિક/ઉ.માધ્યમિક/પ્રશિક્ષણ સંસ્થા ) :પ્રાથમિક

નવતર પ્રયોગનું શીર્ષક : **ચિત્રકલા દ્વારા જીવન કૌશલ્યો અને મૂલ્યોનો વિકાસ**

નવતર પ્રયોગનું ક્ષેત્ર ( યાદીમાથી એક અથવા બે ક્ષેત્ર જ પસંદ કરવા ) :

નવતર પ્રયોગ સામૂહિક કરેલ છે કે વ્યક્તિગત ? :સામૂહિક

નવતર પ્રયોગની શરૂઆત ક્યારથી કરવામાં આવેલ છે :2020થી

## નવતર પ્રયોગની કાર્યપદ્ધતિનું વર્ણન

### હેતુઓ :

ચિત્રકલાની શરૂઆત મેં બુલેટિન બોર્ડ દ્વારા 4 વર્ષ પહેલા કરી. તહેવાર અને રાષ્ટ્રીય તહેવાર વગેરે સંદર્ભે બોર્ડમાં ચિત્ર દોરતો. ચિત્ર દોરવામાં મને આનંદ આવે અને વિધાર્થીઓ રસ લઈ જાતે ચિત્રો દોરી લાવતા તેથી મને પ્રેરણા અને પ્રોત્સાહન મળ્યું. આજે ધોરણ ૬ થી ૮ નાં ૪૦% વિધાર્થી પાસે ચિત્રપોથી છે. અને ચિત્ર દોરવા ઉત્સાહી રહે છે.

ચિત્ર શિક્ષણ સ્વાધ્યયનથી થાય તે ખુબ જ સારી બાબત કહેવાય દર વર્ષે વિદ્યાર્થીઓને રસ અને રૂચિમાં વધારો જોવા મળ્યો વર્ષ-2020 માં 30 વિદ્યાર્થીઓ,વર્ષ-2021 માં 43 વિદ્યાર્થીઓ વર્ષ-2022મા 68 . વર્ષ-2023 માં 73 અને 2024 માં 90વિદ્યાર્થીઓ રાજ્ય કક્ષાની પ્રાથમિક ચિત્ર કલામાં સહભાગી થઇ અને 100% પરિણામ મેળવેલ

### અમલીકરણ વ્યૂહરચના:

આ નવતર પ્રયોગનું મુલ્યાકનમાં પ્રાથમિક ચિત્રકામની પરીક્ષાની ઉમેદવારી તથા પરિણામમાં ઉત્સુકતા અને

- ઉપયોગીતા:છેલ્લા બે વર્ષથી કળા ઉત્સવમાં જિલ્લા અને તાલુકા કક્ષાએ પ્રથમ નંબર અને દ્વિતીય સ્થાન મળેલ છે.

**<u>નવતર પ્રયોગનું મૂલ્યાંકન:</u>**

આ નવતર પ્રયોગનું મુલ્યાકનમાં પ્રાથમિક ચિત્રકામની પરીક્ષાની ઉમેદવારી તથા પરિણામમાં ઉત્સુકતા અને

**<u>નવતર પ્રયોગનું પરિણામ:</u>**

- નવું જાણવામાં નિરૂત્માહ અને સહભાગીદારીનો અભાવ
- વિષય શિક્ષણમાં આવતા ચિત્રો સમજતા અને દૌરતા થયા
- બાડા પરિક્ષા આપવામાં ડર અને નિરુત્સાહ
- પ્રાથમિક ચિત્રકામ પરિક્ષા આપવાની સંખ્યખ્યનો વધારો
- એકાગ્રતા અને કુનેહની ઉણપ
- સાર. ચિત્ર દોરવા એકારતાનું મહત્વ અને વસ્તુઓનું મહત્વ સમજવા
- સ્વ અધ્યયન અને સુટેવોનો અભાવ.
- ચિત્ર માટે જાતે મહાવરો કરતા થયા અને મુટેલો જેવી કે દીવાલ પર

**<u>નવતર પ્રયોગની વર્તમાન સ્થિતિ:</u>**

હાલ આ પ્રયોગ ધોરણ-૫ થી ૮ વર્ગના વિદ્યાર્થીઓ પર કરવામાં આવી રહ્યો છે. આગામી સમયમાં શાળાના વિધાર્થીઓ અને શિક્ષકો દ્વારા શાળાની દીવાલો પર પ્રેરણાત્મક ચિત્રકામ કરવું છે.

**<u>ફોટોગ્રાફ, વિડીયો લીંક, QR કોડ:</u>**

## Our Achievers

ઇનોવેટરનું નામ : બારૈયા દેવાંગીબેન એમ./ધમસાણિયા ચંપકકુમાર ઓ.

હોદ્દો : મ.શિ.





શાળાનું નામ : PM SHRI હડિયાણા કન્યા શાળા

ક્લસ્ટર/ક્યુડીસી : હડિયાણા

તાલુકો : જોડિયા

મોબાઈલ નંબર : 9429272564/9879087187

ઈમેલ આઈડી : devangibaraiya@gmail.com

champspatel@gmail.com

વિભાગ (પ્રાથમિક/માધ્યમિક/ઉ.માધ્યમિક/પ્રશિક્ષણ સંસ્થા):- પ્રાથમિક

નવતર પ્રયોગનું શિર્ષક:- Our Achievers

નવતર પ્રયોગનું ક્ષેત્ર (યાદીમાથી એક અથવા બે ક્ષેત્ર પસંદ કરવા):-

3. શાળા વ્યવસ્થાપન/ભાવાવરણ વિકાસ

a. શિક્ષકો/વિદ્યાર્થીઓ/આચાર્યો/વહીવટકર્તાઓના સારા માનસિક સ્વાસ્થ્ય માટેની મનોમાવજત.

આ ઉપરાંતના અન્ય શૈક્ષણિક નવતર પ્રયોગો

નવતર પ્રયોગ સામૂહિક કરેલ છે કે વ્યક્તિગત?:- સામૂહિક

નવતર પ્રયોગની શરૂઆત ક્યારથી કરવામાં આવેલ છે?:- વર્ષ: 2020

## નવતર પ્રયોગની કાર્યપધ્ધતિનું વર્ણન

શાળાની સ્થાપનાથી અત્યાર સુધી શાળામાં અભ્યાસ કરી પ્રગતિના શિખરો સર કરી સફળતા પ્રાપ્ત કરનાર ભૂતપૂર્વ વિદ્યાર્થીનીઓની માહિતી પણ શાળાને તથા ગામને હોવી જોઈએ. આ વિચારને અમલમાં મૂકવા શાળાના ભૂતપૂર્વ વિદ્યાર્થીનીઓ જે સરકારી નોકરી અથવા કોઈ ઉચ્ચ ક્ષેત્રમાં કાર્ય કરી રહ્યા હોય તેઓની માહિતી એકઠી કરવાનું શરૂ કર્યું. લગભગ બે વર્ષ જેટલો સમય લાગતાં વિદ્યાર્થીનીઓની માહિતી પ્રાપ્ત થઈ અને એક "ડેટા બુક" તૈયાર કરવામાં આવી. જેમાં ભૂતપૂર્વ સફળ વિદ્યાર્થીનીઓની માહિતીમાં તેમનો ફોટોગ્રાફ, પૂરું નામ, વ્યવસાય, હોદો, વ્યવસાયનું સ્થળ ,પોતાના ક્ષેત્રમાં મેળવેલ વિશિષ્ટ સફળતા તેમજ મોબાઇલ નંબર જેવી માહિતી મૂકવામાં આવેલ છે. પ્રાપ્ત માહિતી અનુસાર ઈ.સ..1959 થી શરૂ કરી અત્યાર સુધીમાં આ સરકારી શાળામાં અભ્યાસ કરી સફળતાની યાદીમાં સામેલ (1) સરકારી પ્રાથમિક શિક્ષક:-28 (2) માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક,પ્રોફેસર, આચાર્યની કેડરમાં:-8 (3) ડોક્ટર્સ:- 12 (4) અન્ય

સરકારી કર્મચારી વર્ગમાં:- 15 બહેનો કાર્યરત છે.શાળાના વાર્ષિક ઉત્સવમાં આ તમામ બહેનોનું સ્નેહમિલન તથાપ્રમાણપત્ર આપી સન્માન કરવામાં આવ્યું હતું. પોતાની શાળા માટે જે કંઈ પણ થાય એ કરી છૂટવાની ભાવના સાથે આર્થિક અનુદાન પણ કરેલ.

શાળાની એક દિવાલ પર "Our Achievers" શીર્ષક હેઠળ આ તમામ સફળ દીકરીઓના ફોટોગ્રાફ સાથે તેઓનો હાલનો વ્યવસાય, સ્થળ પૂરું નામ અને આ શાળાનો અંતિમ વર્ષ એવી માહિતી કાયમી ધોરણે દિવાલ પર સ્થાપિત કરવામાં આવી છે. આ સફળતાની દીવાલ પર અંદાજે 55 થી વધુ ભૂતપૂર્વ વિદ્યાર્થીનીઓ સ્થાન પામી છે. તેમજ વખતો વખત તેમાં નિયમિત ઉમેરો થતો રહે એવું આયોજન કરવામાં આવેલ છે.

## હેતુઓ:-

1. સરકારી શાળામાથી અભ્યાસ કરેલ સફળ વિદ્યાર્થીઓને સન્માનીત કરવા.
2. હાલમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ માટે પ્રેરણા સ્ત્રોત વ્યક્તિઓની માહિતી પૂરી પાડવી.
3. આજના ખાનગીકરણના યુગમાં સરકારી શાળા અને તેના વિદ્યાર્થીઓને પ્રતિષ્ઠા અપાવવી.
4. વિદ્યાર્થીઓને પોતાના ધ્યેય પ્રત્યે જાગૃત કરવાની પ્રેરણા સતત પ્રાપ્ત કરાવતા રહેવા.

## અમલીકરણની વ્યુહ રચના:-

શાળાના ભૂતપૂર્વ વિદ્યાર્થીનીઓ જે સરકારી નોકરી અથવા કોઈ ઉચ્ચ ક્ષેત્રમાં કાર્ય કરી રહ્યા હોય તેની એક "ડેટા બુક" તૈયાર કરવામાં આવી. શાળાના વાર્ષિક ઉત્સવમાં આ તમામ બહેનોનું સ્નેહમિલન તથા પ્રમાણપત્ર આપી સન્માન કરવામાં આવ્યું હતું.

આ તમામ બહેનો જે શાળાના તેજસ્વી તારલા તથા આવનાર પેઢી માટે પ્રેરણા સ્ત્રોત હોય સતત ગામ લોકો તથા અન્ય વિદ્યાર્થીનીઓની સમક્ષ રહે તેવા હેતુથી એક નવતર પહેલ કરવામાં આવી

શાળાની એક દિવાલ પર "Our Achievers" શીર્ષક હેઠળ આ તમામ સફળ દીકરીઓના ફોટોગ્રાફ સાથે તેઓનો હાલનો વ્યવસાય, સ્થળ પૂરું નામ અને આ શાળાનો અંતિમ વર્ષ એવી માહિતી કાયમી ધોરણે દિવાલ પર સ્થાપિત કરવામાં આવી છે. આ સફળતાની દીવાલ પર અંદાજે 55 થી વધુ ભૂતપૂર્વ વિદ્યાર્થીનીઓ સ્થાન પામી છે. તેમજ વખતો વખત તેમાં નિયમિત ઉમેરો થતો રહે એવું આયોજન કરવામાં આવેલ છે.

## ઉપયોગીતા:-

1. હાલના ખાનગીકરણના યુગમાં સરકારી શાળા કે તેના વિદ્યાર્થીઓએ સમાજમાં પ્રતિષ્ઠા પ્રાપ્ત કરવા ઘણા સંઘર્ષો કરવા પડે છે. બધાને નોકરી સરકારી પરંતુ અભ્યાસ ખાનગી શાળામાં જ કરવો છે ત્યારે આ એક એવી પહેલ છે જે સરકારી શાળાની સફળતા દર્શાવે

છે અને એક સરકારી શાળાના સફળ અને પ્રગતિના પથ પર જનાર વિદ્યાર્થીઓને ગૌરવ પ્રદાન કરે છે. તેમજ હાલ અભ્યાસ કરતા બાળકો માટે પ્રેરણા સ્ત્રોતનું કાર્ય કરે છે.

2. શાળાનું કાર્ય બાળકોના ધ્યેયને ગતિ આપવાનું જ માત્ર છે અને આ પહેલથી આ પ્રાથમિક શાળામાં જ બાળકને પોતાના ધ્યેય તરફ આગળ વધવાની પ્રેરણા મળે છે.

**મૂલ્યાંકન:-**

આ નવતર પ્રયોગ બાળકોના ધ્યેયને ગતિ આપવા માટે અને બાળકોના ધ્યેયને પ્રેરણા આપવા માટેનો હોય કોઈ ખાસ પરિક્ષા પધ્ધતિથી તેનું મૂલ્યાંકન કરી શકાય નહીં.સતત મૂલ્યાંકન થતું રહે અને ભવિષ્યમાં તેના પરિણામો પ્રાપ્ત થાય.

**નવતર પ્રયોગનું પરિણામ:-**

1. પોતાના નામની તકતી કોઈપણ ઉચ્ચ ક્ષેત્રે લાગે એના કરતાં પણ વધુ ગર્વ જ્યારે પોતાની પ્રાથમિક શાળામાં લાગે ત્યારે અનુભવાય છે, એવું આ સફળ બહેનોનું કહેવું છે.
2. આ તેજસ્વી તારલાઓ દ્વારા શાળાના દરેક કાર્યમાં મદદ તથા માર્ગદર્શન તથા આર્થિક સહયોગ પણ પ્રાપ્ત થયો છે.
3. દરરોજ આ તેજસ્વી તારલાઓને પોતાની સમક્ષ જોતા પ્રવર્તમાન વિદ્યાર્થીઓ હંમેશા કહેતા જોવા મળે છે, કે ટીચર અમારે પણ આ દિવાલ ઉપર સ્થાન મેળવવું છે અને હું તેઓને કહું છું કે ચોક્કસ મારી એવી જ ઈચ્છા છે કે આપણી આ એક દિવાલ વધીને અને આખી શાળા આવી સફળતાની દીવાલો બની રહે. બસ આજ છે આ નવતર પહેલ ની સફળતા

**નવતર પ્રયોગની હાલની સ્થિતિ:-**

2020થી શરૂ કરાયેલા આ નવતર પ્રયોગમાં સફળતાની દીવાલ પર અંદાજે 55 થી વધુ ભૂતપૂર્વ વિદ્યાર્થીનીઓ સ્થાન પામી છે. તેમજ વખતો વખત તેમાં નિયમિત ઉમેરો થતો રહે એવું આયોજન કરવામાં આવેલ છે.

**ફોટોગ્રાફ/વિડીયો લિન્ક/QR કોડ:-**

# મેન્સટ્રૂલ હાઈજીન મેનેજમેન્ટ  કોર્નર

ઇનોવેટરનું નામ : નિમાવત હેતલ આર

હોદ્દો : સી.આર.સી કો.

શાળાનું નામ : સી.આર.સી કોઓર્ડીનેટર અલીયા

ક્લસ્ટર/ક્યુડીસી : અલીયા.

તાલુકો : જામનગર

મોબાઈલ નંબર : 9328770033

ઈમેલ આઇડી : crcaliya1@gmail.com

વિભાગ (પ્રાથમિક/માધ્યમિક/ઉ.માધ્યમિક/પ્રશિક્ષણ સંસ્થા): પ્રાથમિક

નવતર પ્રયોગનું શીર્ષક:મેન્સટ્રૂલ હાઈજીન મેનેજમેન્ટ  કોર્નર

નવતર પ્રયોગનું ક્ષેત્ર (યાદીમાથી એક અથવા બે ક્ષેત્ર જ પસંદ કરવા):

શિક્ષકો, વિદ્યાર્થીઓ આચાર્ય વહીવટકર્તાઓના સારા માનસિક સ્વાસ્થ્ય માટેની મનોમાવજત. અને. સ્વાસ્થ્ય.

નવતર પ્રયોગ સામૂહિક કરેલ છે કે વ્યક્તિગત?: વ્યક્તિગત

નવતર પ્રયોગની શરૂઆત ક્યારથી કરવામાં આવેલ છે: સપ્ટેમ્બર 2024 થી હાલ પણ ચાલુ

## નવતર પ્રયોગની કાર્યપદ્ધતિનું વર્ણન:

જામનગર જિલ્લાના શિક્ષકો ને તેમની પાસે આવતી વિદ્યાર્થીનીઓ અને કિશોરીઓમાં તેની સમજ તથા તેની જાગૃતિ વધારવા માટેના તાલીમ અને શાળા કક્ષાએ શિક્ષકો સાથે આ સમયમાં વિદ્યાર્થીનીઓએ સ્વચ્છતા અને સાથે સાથે તેમના મનનો ડર કાઢવા માટેનું કાઉન્સિલિંગ કઈ રીતના કરો અને મેનસ્ટુલ હાઇજીન માટે કઈ રીતના વિદ્યાર્થીનીઓ સાથે ચર્ચા કરવી તે બાબતની સમજ શિક્ષકો સાથે કરી અને ત્યારબાદ દરેક શિક્ષકો સાથે કહ્યું કે આપની પાસે આવતી દરેક વિદ્યાર્થીઓની આ બાબતે જાણકારી આપી અને તેમની આ સમસ્યા દૂર કરો જેથી કરીને તે આ સમય દરમિયાન સ્વચ્છતા જાળવે અને આ સમયે જ્યારે માસિક ધર્મમાં થાય ત્યારે તેમના મનમાં જે ડર હોય તે દૂર કરી આગળનું કાઉન્સિલિંગ અને જાગૃતિ તેમના માતા પિતાને પણ આપે તે બાબતના સેમિનાર અને તાલીમનું આયોજન કરેલ

## હેતુઓ:

1. વિદ્યાર્થીઓ વ્યક્તિગત સ્વચ્છતા પ્રત્યે જાગૃત થાય
2. વિદ્યાર્થીનીઓ પોષણક્ષમ આહાર વિશે જાણે

## અમલીકરણ વ્યુહ રચના:

નવતર પ્રયોગનું અમલીકરણ શિક્ષકો તથા વિદ્યાર્થીનીઓ પર કરવાનું છે જે નીચે મુજબ છે સૌપ્રથમ મેં આ તાલીમ વિદ્યા સમીક્ષા કેન્દ્રમાં લીધેલી અને ત્યારથી જ મને આ વિચાર આવેલો કે વિદ્યાર્થીનીઓમાં માસિક ધર્મ એટલે કે ઋતુસ્ત્રાવ બાબતની જે માન્યતાઓ અને તેના મનનો ડર અને મૂંઝવણ છે તે કઈ રીતના બહાર આવે અને તેની ચર્ચા કઈ રીતે તે કરી શકે જેને લીધે આત્મહત્યા જેવા બનાવો છે તે ઓછા જ થાય અને કેન્સર જેવી બીમારીઓ સામે કઈ રીતે સામનું કરવો અને સ્વચ્છતા ના હોય તો કેવા પરિણામ આવે તે જાણે તેથી જ મેં જામનગર જિલ્લાના નોડલ શિક્ષકો સાથે છ એ છ તાલુકા ની અંદર આ બાબતની તાલીમ આપી અને વિદ્યાર્થીઓના જે સમસ્યાઓ છે અને મૂંઝવણો છે તે દૂર કરવા માટે શિક્ષક હોય કઈ રીતના કાઉન્સિલિંગ કરવું તે જાણકારી આપી આ સાથે જ તે લોકો તેમની શાળાની અંદર મેન્સ્ટુલ હાઇજિન

મેનેજમેન્ટ અંતર્ગત મેન્સ્ટુલ હાઇજિન કોર્નર વિકસાવે જેથી કરીને દીકરીઓને આ સમય દરમિયાન ના મૂંઝવણો દૂર થાય

## ઉપયોગિતા:

મારા આ નવતર પ્રયોગ ની ઉપયોગીતા એ છે કે જેના લીધે વિદ્યાર્થીઓ સ્વચ્છતા જાળવે તથા માસિક ધર્મ માં આવે ત્યારે તે ડરના અનુભવે અને તેમની મૂંઝવણ બીજાને કહી શકે અને માસિક ધર્મ વિશેની પરંપરાગત માન્યતાઓ  દૂર થાય તેમના મનમાંથી અને વૈજ્ઞાનિક રીતના આ સમજે

## નવતર પ્રયોગનું મૂલ્યાંકન:

મારા આ નવતર પ્રયોગનું મૂલ્યાંકન અનૌપચારિક રીતે કરેલું  જ્યારે મેં નવતર પ્રયોગ શરૂ કર્યું ત્યાર પછી મેં જામનગર જિલ્લાના દરેક તાલુકાના જે નોડલ ટીચર્સ છે તેમને તાલીમ આપી અને મેનસ્ટુલ હાઇજીન કોર્નર કઈ રીતના વિકસાવું અને તેની સમજ કઈ રીતના કિશોરીઓને આપવી અને વિદ્યાર્થીનું ને આપવી તે બાબતની જાણકારી આપી જેને પરિણામે છ તાલુકાના અંદાજે 300 શિક્ષકો સાથે ચર્ચા કરેલ છે અને જેનું પરિણામ હવે પછી વિદ્યાર્થીનીઓમાં અને શિક્ષકોમાં આ સમજ વિકસે અને સ્વસ્થ સમાજ અને દીકરી બહાર આવશે

નવતર પ્રયોગની વર્તમાન સ્થિતિ :હાલ. નવતર પ્રયોગની વર્તમાન સ્થિતિમાં. 300 શિક્ષકોને. આજ તાલીમ. આપી દીધી છે. અને હજી. આવા સેમિનાર અને તાલીમને લીધે દરેક સીઆરસીના આ નોડલ ટીચર. વાલી મીટિંગ. શરૂ કરી દીધી છે.

ફોટોગ્રાફ / વિડિયો લિન્ક / QR કોડ:

# 3S – સાતત્ય, સ્થિરતા અને સ્વાસ્થ્ય



ઇનોવેટરનું નામ : ચિરાગ અમૃતલાલ સચાણીયા
હોદ્દો : મ.શિ.(ગણિત-વિજ્ઞાન)
શાળાનું નામ : શાળા નં. 32, જામનગર
ક્લસ્ટર/ક્યુડીસી : શાળા નં. 42, જામનગર
તાલુકો : જામનગર
મોબાઈલ નંબર : 9998987524
ઈમેલ આઇડી : chiragsachania2020@gmail.com
વિભાગ (પ્રાથમિક/માધ્યમિક/ઉ.માધ્યમિક/પ્રશિક્ષણ સંસ્થા): પ્રાથમિક(ઉચ્ચ પ્રાથમિક વિભાગ)
નવતર પ્રયોગનું શીર્ષક: 3S – સાતત્ય, સ્થિરતા અને સ્વાસ્થ્ય
નવતર પ્રયોગનું ક્ષેત્ર: અન્ય શૈક્ષણિક નવતર પ્રયોગો.
નવતર પ્રયોગ સામૂહિક કરેલ છે કે વ્યક્તિગત?: વ્યક્તિગત
નવતર પ્રયોગની શરૂઆત ક્યારથી કરવામાં આવેલ છે: 2021 થી...




## નવતર પ્રયોગની કાર્યપદ્ધતિનું વર્ણન

**હેતુઓ:**

(1) પ્રાર્થના કાર્યક્રમમાં બધાની ભાગીદારી થાય.
(2) સમાચારને જાણે અને તેને વર્ણવી શકે.
(3) આજના દિવસનું મહત્વ જાણી શકે તથા તેને વર્ણવી શકે.
(4) વિદ્યાર્થીઓમાં શાળામાં નિયમિતતા(સાતત્ય) આવે.
(5) બાળકો શાળાના પરિવેશ અને સુવ્યવસ્થિત તૈયાર થવાનું મહત્વ સમજે અને અપનાવે.
(6) વિવિધ સ્પર્ધાઓ માટે ઉત્સાહિત બને અને તેમાં ભાગ લે.
(7) એકમ કસોટી અને પરીક્ષાઓમાં સારા માર્ક્સ મેળવવા ઉત્સાહિત થાય.
(8) શાળના કાર્યોમાં અને એકબીજાને મદદરૂપ થવામાં ઉત્સાહ દાખવે.
(9) વિદ્યાર્થીઓનું સ્વાસ્થ્ય સારું બને.

**અમલીકરણ વ્યુહ રચના:**

- ✓ સાતત્ય, સ્થિરતા અને સ્વાસ્થ્ય એ ત્રણેય ચક્રીય રીતે જોડાયેલા છે. જો શાળામાં સાતત્ય જળવાશે વિદ્યાર્થીનું તો શાળામાં, સ્થિરતા પ્રાપ્ત કરી અભ્યાસમાં સ્થિર થઇ શકે. જો શાળામાં સ્થિરતા પ્રાપ્ત કરે તો સ્વાસ્થ્ય વિશે જાણીને સારું સ્વાથ્ય જાળવી શકે. અને જો સ્વાસ્થ્ય સારું હશે તો શાળામાં સાતત્યતાપૂર્ણ સ્થિરતા પ્રાપ્ત કરી શકે.
- ✓ આથી આ ત્રણેયને સાંકળીને આગળ વધવાનું વિચાર્યું.

**(a) સાતત્યતા માટે નીચે મુજબની પ્રવિધિ અજમાવી:**

(1) પ્રાર્થના કાર્યક્રમમાં વિદ્યાર્થીઓ સહભાગીદારી નોંધાવે:

- ✓ બાળકોને જ પ્રાર્થના કાર્યક્રમ લખવાની અને ગોઠવવાની જવાબદારી સોપી.
- ✓ દરરોજ બાળકો પ્રાર્થના કાર્યક્રમ લખી મને આપે. જેનો પ્રાર્થના કાર્યક્રમ યાદીનો ફોટો બનાવીને સ્માર્ટ ટીવીમાં પ્રાર્થનામાં ડિસ્પ્લે પર રાખવામાં આવે અને બાળકો પ્રાર્થનાનું સંચાલન કરે. આથી સંચાલનનો ગુણધર્મ વિકસે.

(2) આજના સમાચાર ભેગા કરવામાં અને બોલવામાં મુશ્કેલી પડે છે. – ગુજરાત સમાચાર/સંદેશ એપ ઉપયોગ. દરેક સ્માર્ટ ટીવીમાં પણ આ એપ ઇન્સ્ટોલ કરી છે જેનો ઉપયોગ બાળકો કરે છે.

(3) દિન વિશેષ કાર્યક્રમ જેવા મુદ્દા પર માહિતી એકથી કરવી અને તેને બોલવામાં મુશ્કેલી પડે છે. – ગૂગલ પરથી માહિતી શોધતા શીખવું.

(4) હાજરીમાં અનિયમિતતા – હાજરી ચેમ્પિયન

(5) બાળકો વ્યવસ્થિત તૈયાર થઈને આવે તે માટે. – આજનું ગુલાબ

(6) જન્મદિવસની નોંધ – આજનો દિપક

(7) વિવિધ સ્પર્ધાઓ માટે પ્રોત્સાહન – શાળા ગૌરવ

(8) પરીક્ષા/એકમ કસોટીમાં ઉચ્ચ પરિણામ – વિદ્યા સિધ્ધી

(9) શાળામાં કાર્યોમાં મદદરૂપ થતાં નથી. – હેલ્પિંગ હીરો

(4–9 માટે:) પ્રાર્થનાસભામાં વિદ્યાર્થીઓના કાર્યને બિરદાવવું તથા એડ્યુટર એપ ઉપયોગ તથા તેના ફોટા દરેક ધોરણના whatsapp ગ્રુપમાં શેર કરવાના.

**(b) સ્થિરતા માટેની પ્રવિધિ:**

ઉપરોક્ત મુદ્દા નં. 1 થી 9ના કારણે બાળકો પ્રાર્થના સમયે નિયમિતતા કેળવતા થયા અને તેઓમાં વિવિધ મુદ્દાઓ પર જાહેરમાં બોલવાનો આત્મવિશ્વાસ દૃઢ થયો અને શાળામાં નિયમિત અભ્યાસ કરવા લાગ્યા. અભ્યાસમાં રસ જાગૃત થતા સ્થિરતા પ્રાપ્ત થઇ.

**(c) સ્વાસ્થ્ય માટેની પ્રવિધિ:**

(10) શાળામાં વિશ્રાંતિ સમયમાં બાળકો પેકિંગ ફૂડ લાવે છે અને ખાય છે. – પડીકાં પ્રતિબંધ અને ઘરનો બનેલો નાસ્તો લાવવો અથવા મધ્યાહન ભોજન જમવા પ્રેરણા આપવી.

(11) પીવાનું પાણી નિયમિત રીતે પિતા નથી અથવા ખુબ જ ઓછુ પીવે છે. – **વોટર બેલ**

- ઘરેથી પાણી પી ને આવવું.
- 9 વાગે બધાએ સાથે પાણી પીવું.
- 10 થી 10.30 વિશ્રાંતિમાં જમ્યા પછી થોડું પાણી પીવું.
- 11.30 વાગ્યે બધાએ સાથે પાણી પીવું.
- 12.30 બધાએ સાથે થોડું પાણી પીવું.

શાળાએથી ઓછામાં ઓછું 1 લીટર પાણી પીવું જ.

## ઉપયોગિતા:

- ✓ ઉપરોક્ત તમામ હેતુઓ સિદ્ધ કરી શકાય છે.

## નવતર પ્રયોગનું મૂલ્યાંકન:

(1) શરૂઆતમાં સમગ્ર શાળાની હાજરી લગભગ 60% થી 65% જેટલી હતી જે વધીને લગભગ 80% સુધી પહોંચી ગઈ. જે માસિક પત્રક અથવા દરેક વર્ગના હાજરી પત્રક પરથી જોઈ શકાય છે.

(2) બાળકો પ્રાર્થનાસભામાં માંડ 3-4 વિદ્યાર્થીઓ જ વારંવાર ભાગ લેતા તે હવે દરેક વર્ગમાંથી લગભગ 15-20 વિદ્યાર્થીઓ ભાગ લેવા લાગ્યા. દરરોજના પ્રાર્થના પેજને જોતા માલુમ પડે છે.

(3) વિદ્યાર્થીઓ જાતે સમાચાર શોધીને લખતા અને વર્ણવતા થયા.

(4) આજના દિવસને જાણતા અને વર્ણવતા થયા.

(5) શાળા કાર્યમાં અને સફાઈ જેવી અગત્યની ટેવો પાળતા થયા.

(6) પરીક્ષા/એકમ કસોટીમાં હાજરી વધી અને માર્ક્સમાં પણ ઉત્તરોતર વધારો જોવા મળે છે.

(7) આજનું ગુલાબ અને દિપક બિરદાવવાથી વિદ્યાર્થીઓ સારી રીતે તૈયાર થઈને શાળાએ આવવા લાગ્યા.

(8) વિવિધ સ્પર્ધાઓ માટે રસ દાખવતા થયા.

## નવતર પ્રયોગનું પરિણામ:

- ✓ વર્ષ 2021થી ક્રમશઃ એક પછી એક વિવિધ બાબતો અમલમાં લાવતા મહદ અંશે તમામ હેતુઓ સિદ્ધ કરી શકાયા છે.

## નવતર પ્રયોગની વર્તમાન સ્થિતિ:

- ✓ હાલ આ નવતર પ્રયોગ શાળામાં ચાલુ છે.

## ફોટોગ્રાફ / વિડિયો લિન્ક / QR કોડ:

આ નાવાચારના ફોટોઝ જોવા આ QR Code સ્કેન કરો.

# મારી જાદુઈ પેટી

ઇનોવેટરનું નામ : વિમલભાઇ પરસોતમભાઈ નકુમ

હોદ્દો : મ્.શિ.,

શાળાનું નામ : ચારણનેશ પ્રાથમિક શાળા

દરેડ પ્રાથમિક શાળા નં.-૧

ક્લસ્ટર : દરેડ, તાલુકો: જામનગર





Email Id : vimalnakum80@gmail.com

મોબાઇલ નંબર : 9825323269/9428126636,

વિભાગ : પ્રાથમિક

નવતર પ્રયોગનું શીર્ષક: "મારી જાદુઈ પેટી"

નવતર પ્રયોગનું ક્ષેત્ર: NEP 2020, NCF-FS, SCF-FS અને NEP-SE સંબંધિત જાદુઈ પીટારાનો ઇનોવેટિવ ઉપયોગ

નવતર પ્રયોગ સામૂહિક કરેલ છે કે વ્યક્તિગત: વ્યક્તિગત ,

પ્રયોગની શરૂઆત: જુલાઈ 2024

## નવતર પ્રયોગની કાર્યપદ્ધતિનું વર્ણન

### હેતુઓ:

- બાળકોમાં એવી ટેવો વિકસે છે જે તેમને સ્વસ્થ અને સુરક્ષિત રાખે છે.
- બાળકો સંવેદનાત્મક દ્રષ્ટિકોણમાં ચોકસાઈ (શાર્પનેસ) વિકસાવે છે.
- બાળકો તંદુરસ્ત અને લચીલું શરીર વિકસાવે છે.
- બાળકો ઉત્પાદક કાર્ય અને સેવા પ્રત્યે હકારાત્મક અભિગમ કેળવે છે.
- બાળકો તેમની આસપાસના કુદરતી વાતાવરણ પ્રત્યે સકારાત્મક સંબંધ વિકસાવે છે.
- બાળકો અવલોકન અને તાર્કિક વિચાર દ્વારા આસપાસની દુનિયાને સમજે છે. .
- વિશ્વને ઓળખવા માટે બાળકો માત્રા, આકારો અને માપન દ્વારા ગાણિતિક સમજ અને ક્ષમતા વિકસાવે છે.
- બાળકો પ્રથમ ભાષામાં વાંચવાની અને લખવાની ઝડપ વિકસાવે છે.

- બાળકો બે ભાષાઓમાં રોજબરોજની પ્રતિક્રિયા માટે અસરકારક પ્રત્યાયન કૌશલ્ય વિકસાવે છે.
- બાળકો દ્રશ્ય અને અભિવ્યક્તિ કલામાં ક્ષમતા અને સંવેદન શક્તિ વિકસાવે છે તથા કલા દ્વારા અર્થપૂર્ણ અને આનંદદાયી રીતે તેમની લાગણીઓ વ્યક્ત કરે છે.
- બાળકો શાળાના વર્ગખંડ જેવા ઓપચારિક શિક્ષણના વાતાવરણમાં સક્રિય પણે ભાગ લેવા માટેની અધ્યયનની ટેવ વિકસાવે છે

## અમલીકરણ વ્યુહરચના:

NEP 2020, NCF-FS, SCF-FS અને NEP-SE અંતર્ગત સમગ્ર શિક્ષા અંતર્ગત બાલવાટિકા અને ધોરણ ૧ અને ૨નાં બાળકોને આનંદદાયી રીતે શીખવા-શીખવવા માટે જાદુઈ પિટારા અંતર્ગત ૨૮ જેટલી સામગ્રી આપવામાં આવી છે. આ જાદુઈ પિટારાની તમામ સામગ્રીનો બાળકો સરળતાથી શીખવા માટે વર્ગખંડમાંથી જાતે સરળતાથી લઇ શકે તેમાટે વિષય શિક્ષણની શરૂઆત પહેલા તમામ બાળકોને દરેક સામગ્રીનું નિદર્શન કરી બાળકોને સમજ આપવામાં આવી. તેમજ નિદર્શન બાદ દરેક એકમની શરૂઆતમાં કઈ કઈ પ્રવૃત્તિ માટે કઈ કઈ સામગ્રીની જરૂર પડશે તેમની યાદી બાળકોને વર્ગ ખંડમાં બતાવવામાં આવી છે. જે જે વસ્તુની જરૂર પડે તે વસ્તુને બાળકની પહોંચમાં હોય તે રીતે ગોઠવવામાં આવે છે. અને આ સામગ્રીના વિકલ્પ તરીકે સ્થાનિક સામગ્રીમાંથી બનાવી શકાતી અને મેળવી શકાતી સામગ્રીની યાદી અગાઉથી તૈયાર તે સામગ્રી બાળકોની મદદથી જ વર્ગમાં બનાવવામાં આવે છે તેમજ બાળકોને જૂથમાં એ સામગ્રી પોતાની આસપાસના પર્યાવરણમાંથી મેળવીને એકમ પ્રમાણે રાખવામાં આવે છે અને બાળકો એમનો સમૂહમાં, જૂથમાં, જોડીમાં અને વ્યક્તિગત રીતે ઉપયોગ કરી શકે તેવી વ્યવસ્થા કરવામાં આવી છે.

આ સામગ્રીના અસરકારક ઉપયોગ માટે (૧) સામગ્રીનું નામ, (૨) સામગ્રીનું વિકાસાત્મકક્ષેત્ર, (૩) સામગ્રીની સમાવિષ્ટ ક્ષમતાઓ, (૪) સામગ્રી કઈ રીતે વાપરી શકાય, (૫) એકમ સાથે સહાયક સામગ્રીનું દ્રષ્ટાંત, (૬) આ સામગ્રીના વિકલ્પ તરીકે કઈ સ્થાનિક સામગ્રીમાંથી બનાવી શકાય, (૭) સામગ્રીમાં ઉપયોગ સમયે ધ્યાનમાં રાખવની બાબતો વગેરેની યાદી તૈયાર કરી વર્ગમાં રાખવામાં આવે છે. અને વર્ગમાં ગુજરાતી અને ગણિત માટે એકમ પ્રમાણે અને પ્રવૃત્તિ પ્રમાણે યાદી તૈયાર કરવામાં આવે છે. જાદુઈ પિટારાનાં અસરકારક ઉપયોગ માટે NCERT દ્વારા નિર્મિત ઈ જાદુઈ પિટારાનું નિદર્શન શાળાના સ્માર્ટ બોર્ડ પર બાળકોને શિક્ષકની હાજરીમાં કરવામાં આવે છે.

## નવતર પ્રયોગની ઉપયોગિતા:

- બાળકો વર્ગ અનુભવના માધ્યમ્તિ જગતને પોતાની રીતે ઓળખવાનો પ્રયાસ કરતા હોય છે એટલે કે તેને રમવા, દોડવા, નાચવા, કૂદવા હસવા, ગાવા અને પ્રશ્ન પૂછવા માટે પ્રેરણા મળશે અને સ્વતંત્ર ભાવાવરણનું નિર્માણ થશે.

- બાળકોએ બનાવેલી સર્જન સામગ્રીનું પ્રદર્શન, પ્રોત્સાહન અને તેના વિશે વાતચીત કરવાની તકો ઊભી થાય છે.
- બાળકોની અંદર રહેલી સંશોધન અને સર્જનની ભૂખને ઓળખી તેના વિકાસમાં સહાયક બની શકે છે અને અનુકૂળતા કરવા માટે તત્પરતા કેળવશે.
- દરેક પ્રવૃત્તિ માટેની પુર્વતૈયારી, સહાયક સાધન-સામગ્રી અને નિદર્શન માટેના નમૂનાઓ અગાઉથી તૈયાર રાખવાથી બાળકોમાં કાર્ય  કરવાનો ઉત્સાહ વધશે.
- બાળકોએ કરેલી પ્રવૃત્તિઓ પર વાતચીત કરવા અને તેની ખુશી વ્યક્ત કરવા માટેની તક નિર્માણ થશે. આનાથી શીખવાની પ્રક્રિયા વધુ અસરકારક બનશે.
- ભાષા શીખવવાના પ્રયાસ માટે બાળકને વારંવાર વાતચીત, સંવાદ અને પ્રશ્નોત્તરી કરવા માટે સ્વતંત્રતા નિર્માણ થશે.
- વર્ગના બાળકોની ક્ષમતા અને મર્યાદા બંને ધ્યાને લઈ વર્ગકાર્યનું આયોજન કરીશકાય.

## નવતર પ્રયોગનું મૂલ્યાંકન:

આ નવતર પ્રયોગનું મૂલ્યાંકન વર્ગ ખંડમાં શિક્ષકનાં સતત અવલોકન દ્વારા, વિદ્યાર્થીના અધ્યયન સંપુટમાં વિદ્યાર્થીઓ દ્વારા જાતે, શિક્ષક દ્વારા પ્રગતિ માપન રજિસ્ટરમાં શિક્ષક્ દ્વારા અનઔપચારિક કસોટી દ્વારા મૂલ્યાંકન કરવામાં આવે છે. તેમજ શાળાના સાથી શિક્ષક્ દ્વારા, શાળાના આચાર્ય દ્વારા અને મુલાકાત લેતા સી.આર.સી. અને નિપુણ બી.આર.પી. દ્વારા પણ આ નાવાતારનું મૂલ્યાંકન કરવામાં આવે છે.

## નવતર પ્રયોગનું પરિણામ:

- બાળકોમાં પંચકોશનો વિકાસ થયો.
- બાળકોમાં શારીરિક વિકાસના કૌશલ્યોનો વિકાસ થયો.
- બાળકોમાં સામાજિક-ભાવાત્મક અને નૈતિક વિકાસ થયો.
- બાળકોનો જ્ઞાનાત્મક વિકાસ થયો.
- બાળકોમાં કલાત્મક અને સાંસ્કૃત્તિક વિકાસ થયો.
- બાળકોમાં અધ્યયનની સકારાત્મક ટેવોનો વિકાસ થયેલ જોવા મળ્યો.

## નવતર પ્રયોગની વર્તમાન સ્થિતિ:

- આ નવતર પ્રયોગ બાલવાટિકા અને ધોરણ ૧ અને ૨ના વર્ગમાં હાલ ચાલુ છે.

# વિજ્ઞાનની સફર શાળાથી ઘર સુધી


ઇનોવેટરનું નામ : દીપક લાલજીભાઈ ધારવિયા

હોદ્દો : મદદનીશ શિક્ષક

શાળાનું નામ : શ્રી ક્રિષ્ના પ્રાથમિક કુમાર શાળા – સિક્કા

ક્લસ્ટર/ક્યુડીસી : ડી.સી.સી.તાલુકા શાળા

તાલુકો : જામનગર

મોબાઈલ નંબર : 9898296367

ઈમેલ આઇડી : deepakdharavia31@gmail.com


વિભાગ (પ્રાથમિક/માધ્યમિક/ઉ.માધ્યમિક/પ્રશિક્ષણ સંસ્થા ) : પ્રાથમિક

નવતર પ્રયોગનું શીર્ષક : વિજ્ઞાનની સફર શાળાથી ઘર સુધી

નવતર પ્રયોગનું ક્ષેત્ર : વિષયવસ્તુ પેડાગોજી આધારિત

નવતર પ્રયોગ સામૂહિક કરેલ છે કે વ્યક્તિગત ? : વ્યક્તિગત

નવતર પ્રયોગની શરૂઆત ક્યારથી કરવામાં આવેલ છે : ઓગસ્ટ 2024 થી

## નવતર પ્રયોગની કાર્યપદ્ધતિનું વર્ણન

### હેતુઓ :

- વિજ્ઞાન પ્રયોગ પધ્ધતિ અને તેના આધારિત પ્રશ્નોના જવાબ સરળતાથી લખે.

### અમલીકરણ વ્યૂહરચના:

- એકમ કસોટી અને પરીક્ષામાં જ્યારે વિજ્ઞાન વિષયમાં કોઈ પ્રયોગની પદ્ધતિ (તમારી આસપાસમાંથી મળતી વસ્તુઓમાંથી નમુના નિર્માણ કરી તેની પધ્ધતિ) લખવાનું કહેવામાં આવે છે ત્યારે બાળકો તે લખવામાં મુશ્કેલી અનુભવતા.
- મેં સૌ પ્રથમ ધોરણ 6 થી 8 માં વિજ્ઞાન વિષયમાં આવતી તમામ પ્રવૃતિઓની યાદી તૈયાર કરી.અને એ પ્રવૃત્તિ માટે એક કાર્ડ તૈયાર કર્યું.
- બાળકને પ્રયોગનું નિદર્શન વર્ગમાં કરાવવાનું અને ત્યારબાદ તે પ્રવૃતિનું કાર્ડ નજીક નજીક રહેતા હોય તેવા બાળકોને ગ્રુપમાં આપવાનું.

- પ્રાયોગિક તબક્કે મેં દરેક ધોરણના ૧૦ – ૧૦ વિદ્યાર્થીઓ પર આ પ્રયોગ કર્યો.
- બાળકે જાતે સામગ્રી શોધવાની અને પ્રયોગ કરવાનો અને ત્યારબાદ એ પ્રયોગની પદ્ધતિ પણ લખવાની.

**ઉપયોગીતા:** આ પ્રવૃતિ દ્વારા બાળક પોતાની જાતે વસ્તુઓ શોધી અને પ્રયોગ કરે છે તેથી તેને મહાવરો મળી રહે છે. અને પ્રયોગ પધ્ધતિ વિશેનો સ્પષ્ટ ખ્યાલ આવે છે. તેણે જાતે આ કાર્ય કર્યુ હોવાથી તેને પ્રયોગ પધ્ધતિ લખવાનું કેહવામાં આવે છે ત્યારે તે સરળતાથી લખી શકે છે. અને તે પ્રયોગ પ્રવૃતિ આધારિત પ્રશ્નોના જવાબ પણ આપી શકે છે.

**નવતર પ્રયોગનું મૂલ્યાંકન :**

- ☞ બાળકોને જે પ્રયોગ પ્રવૃતિનું કાર્ડ આપવામાં આવે છે તેમાં તે પ્રવૃતિને લગત પ્રશ્નો આપેલ હોય છે તેના જવાબ લખવાના.એ રીતે બાળકોનું મૂલ્યાંકન થઈ જાય.
- ☞ બાળકોને એક પેપર આપવામાં આવે છે જેમાં તેણે કરેલ પ્રયોગ પ્રવૃતિનું વર્ણન કરવાનું અને સાથે સાથે તેમાં આપેલ પ્રશ્નોના જવાબ આપવાના. આ રીતે બાળકોનું મુલ્યાંકન કરવામાં આવે છે.

**નવતર પ્રયોગનું પરિણામ:**

- કોઈ ઘટના બનવા પાછળનું વૈજ્ઞાનિક કારણ સમજી અને તેના વિશે લખે છે.
- બાળકો જાતે સામગ્રી શોધી પ્રયોગ કાર્ય કરવા માટે રસ લેતા થયા છે.
- પ્રયોગ કરતા બાળકોમાંથી ૮૦ % જેટલા બાળકો પ્રયોગ પધ્ધતિ લખતા થયા છે.
- પ્રયોગ કે પ્રવૃતિ આધારિત પ્રશ્નોના જવાબ પણ આપી શકે છે.

**નવતર પ્રયોગની વર્તમાન સ્થિતિ:** આ પ્રયોગ ચાલુ છે. અને આગામી સમયમાં વર્ગના બધા બાળકો પ્રવૃતિ કરી શકે તેવું આયોજન કરવામાં આવશે.

**વિડીયો લીંક :** https://youtu.be/-UpBYZpuNx0?feature=shared

**ફોટોગ્રાફ :** ઘરેથી બનાવીને લાવેલ મોડેલ









- **QR કોડ:**

# ઓટલે ઓટલે વાંચન



ઇનોવેટરનું નામ : કટેશીયા ભગવાનજી દેવજીભાઈ

હોદ્દો : આચાર્ય

શાળાનું નામ : કાંકરિયા પ્રાથમિક શાળા ખીમરાણા

ક્લસ્ટર/ક્યુડીસી : ધુંવાવ તાલુકા શાળા

તાલુકો : જામનગર

મોબાઈલ નંબર : ૯૯૨૫૮૯૧૫૬૦

ઈમેલ આઇડી : khimranavs2.jam@gmail.com

વિભાગ (પ્રાથમિક/માધ્યમિક/ઉ.માધ્યમિક/પ્રશિક્ષણ સંસ્થા ) : પ્રાથમિક

નવતર પ્રયોગનું શીર્ષક : “ ઓટલે ઓટલે વાંચન "

નવતર પ્રયોગનું ક્ષેત્ર : અન્ય શૈક્ષણિક નવતર પ્રયોગ

નવતર પ્રયોગ સામૂહિક કરેલ છે કે વ્યક્તિગત ? : સામુહિક

નવતર પ્રયોગની શરૂઆત ક્યારથી કરવામાં આવેલ છે : 31 ઓક્ટોબર 2023 થી ...

## નવતર પ્રયોગની કાર્યપદ્ધતિનું વર્ણન

**હેતુઓ :**

- મોબાઈલના ઉપયોગને બદલે વર્તમાનપત્રોનાં વાંચન અંગે જાગૃતિ લાવવી.
- સાર્વજનિક ટ્રસ્ટ પ્રત્યે લાગણી જળવાઈ રહે.
- ગરીબ વિદ્યાર્થીઓને મોંઘા પુસ્તકો વાંચવા મળે અને તમામ વર્તમાનપત્રો વાંચવા મળે

**અમલીકરણ વ્યૂહરચના:**

ગ્રામ્ય કક્ષાએ પ્રથમ વખત... વ્યકતિ વિશેષ સન્માન અમારા સૌ ગુરુજી પુંજાભાઈ ધારવિયાનું " ચાણક્ય ગુરુ ગૌરવ સન્માન "કરવામાં આવ્યું તેમજ તેમનાં જ વરદ હસ્તે " ચાણક્ય પુસ્તકાલય " અંદાજિત ૩૫૦ જેટલાં પુસ્તકોથી ખુલ્લું મુકવામાં આવ્યું.જે મારા ગામની હાઇસ્કુલના અને ઉચ્ચ અભ્યાસ કરતા તમામ વિદ્યાર્થીઓ તેમજ ગામનાં વડીલો માટે શરૂ કરવામાં આવ્યું છે.જેની શરૂઆત તા.31 ઓક્ટોબર 2023 એટલે કે સરદાર વલ્લભભાઈ પટેલની

જન્મજયંતીના શુભ દિને આખા ગામમાં વહેલી સવારે પુસ્તક રેલી કાઢવામાં આવી હતી.જેમાં તમામ પુસ્તકો કાર્યક્રમમાં ઉપસ્થિત સૌ મહેમાનો અને ગ્રામ્ય જનતા પાસેથી ભેટ સ્વરૂપે મેળવ્યાં.આજે આ સંખ્યા ડબલ થઈ ગઈ છે. સમગ્ર સંચાલન વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવે છે. આ ઉપરાંત જુદા જુદા આઠ વિભાગોમાં વર્ગીકરણ કરવામાં આવેલ છે. તેનો QR કોડ પણ કરેલ છે. જેના થકી કોઈ પણ વ્યક્તિને જરૂરી પુસ્તક ઉપલબ્ધ છે કે નહીં તે ઘર બેઠાં જાણી શકે છે. ચાલુ વર્ષેથી તેનાં આપડેટ રૂપે **" ઓટલે ઓટલે વાંચન "** શરૂ કરવામાં આવ્યું છે. જેમાં ગામમાં જુદી જુદી છ જગ્યાએ વાંચનાલય પોઇન્ટ બનાવ્યાં છે.જેમાં દાતાશ્રીઓ દ્વારા વર્તમાનપત્રોના લવાજમ ભરી ત્યાં જુદા જુદાં છ પ્રકારના વર્તમાનપત્રો નિયમિત રાખવામાં આવે છે. જેનું સમગ્ર સંચાલન પણ ગામનાં જાગૃત નાગરિકો અને વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવે છે.

## ઉપયોગીતા:

સમગ્ર ગામનાં લોકોને ફ્રીમાં ગ્રામ્યકક્ષાએ ચાણક્ય પુસ્તકાલય દ્વારા પુસ્તકો અને વર્તમાનપત્રો ઉપલબ્ધ થયાં છે.જેનાં થકી સોશ્યલ મીડિયાના જમાનામાં પણ વાંચનનું મહત્વ જળવાઈ રહેશે.

## નવતર પ્રયોગનું મૂલ્યાંકન:




## નવતર પ્રયોગનું પરિણામ:

- 18 વર્ષથી ચાલતી ટ્રસ્ટ સંચાલિત હાઈસ્કુલમાં પુસ્તકાલય શરૂ થયું.
- લોકો પાસે ઘરે પડી રહેલાં પુસ્તકો એક જગ્યાએ એકત્ર થયાં.

- ગામનાં ગરીબ વિદ્યાર્થી કે ઉચ્ચ અભ્યાસ માટે કે સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી માટે કોઈ પણ પ્રકારના ખર્ચ વગર પુસ્તક વાંચવા માટે મેળવી શક્યા.
- નાના બાળકો થી વડીલો સૌને ઉપયોગી પુસ્તકાલય બન્યું.
- પોતાની અનુકૂળતાએ ગામમાં લટાર મારતા મારતા જે પ્રકારનું છાપું વાંચવું હોય તે વાંચી શકે છે.
- સોશ્યલ મીડિયાના માધ્યમથી બહારગામના લોકો પાસેથી જીવન ઉપયોગી પુસ્તકો મળ્યાં અને મળવાના ચાલુ જ છે.
- હાલ કિંમતી પુસ્તકો અને જૂનાં પેપર સેટ પણ ભેટ સ્વરૂપે મળતાં ગરીબ વિદ્યાર્થીને વધુ ફાયદો થયો છે.

## નવતર પ્રયોગની વર્તમાન સ્થિતિ:

| પહેલાની સ્થિતિ | પછીની સ્થિતિ |
|---|---|
| ➢ ૧૮ વર્ષથી શરુ થયેલ સાર્વજનિક માધ્યમિક શાળામાં પુસ્તકાલય નહોતું .<br>➢ ગામમાં પૂરતાં વર્તમાનપત્રો આવતાં નહોતાં.<br>➢ ખાસ સ્થાનિક વર્તમાનપત્રો નહોતાં આવતાં.<br>➢ પુસ્તકાલયનો જ ખ્યાલ બહુ ઓછા લોકોને હતો. | ➢ હાલ શાળાનાં વિદ્યાર્થીઓ અને ગામલોકો બહોળો લાભ લઇ રહ્યા છે.<br>➢ હાલ જુદાં જુદાં છ પ્રકારનાં વર્તમાનપત્રો આવે છે.<br>➢ નોબત,સાંજ સમાચાર અને આજકાલ જેવાં સાંજના વર્તમાનપત્રો શરુ થયાં.<br>➢ પુસ્તકાલયનો ખ્યાલ આખા ગામના લોકો જાણતા થયા. |

ફોટોગ્રાફ, વિડીયો લીંક, QR કોડ:













My Drive

# શિક્ષણ સાથે ધર્મનો અનુબંધ



ઇનોવેટરનું નામ : કટેશીયા રસિકલાલ કાનજીભાઈ

હોદ્દો : શિક્ષક

શાળાનું નામ : સરસ્વતી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા ખીમરાણા

ક્લસ્ટર/ક્યુડીસી : SVS 5 જામનગર

તાલુકો : જામનગર

મોબાઈલ નંબર : ૯૪૨૮૫૬૯૯૦૧

ઈમેલ આઇડી : smskhimarana@gmail.com

વિભાગ (પ્રાથમિક/માધ્યમિક/ઉ.માધ્યમિક/પ્રશિક્ષણ સંસ્થા ) : માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક

નવતર પ્રયોગનું શીર્ષક : " શિક્ષણ સાથે ધર્મનો અનુબંધ "

નવતર પ્રયોગનું ક્ષેત્ર : અન્ય શૈક્ષણિક નવતર પ્રયોગ

નવતર પ્રયોગ સામૂહિક કરેલ છે કે વ્યક્તિગત ? : સામુહિક

નવતર પ્રયોગની શરૂઆત ક્યારથી કરવામાં આવેલ છે : સન ૨૦૧૯/૨૦(કોરોનાકાળ)થી ...

## નવતર પ્રયોગની કાર્યપદ્ધતિનું વર્ણન

**હેતુઓ :**

- શિક્ષણની સાથે સાથે વિદ્યાર્થીઓમાં સંસ્કારોનું સિંચન થાય .
- વિદ્યાર્થીઓમાં વિવિધ કૌશલ્યોનો વિકાસ થાય.
- વિદ્યાર્થીઓ માતા,પિતા અને ભારતીય સંસ્કૃતિનાં મૂલ્યોનું જતન કરે.

**અમલીકરણ વ્યૂહરચના:**

કોરોના લોકડાઉન સમયે શાળા બંધ હતી.તે સમયે વિદ્યાર્થીઓને ખાસ શિક્ષણ સાથે સાથે માનસિક સ્વાસ્થ્યની ખાસ જરૂરિયાત જણાઈ.અમે ચાર પાંચ શિક્ષક મિત્રો ટેલીફોનીક વાતચીતથી મળતા તેમાં વિચાર આવ્યો કે વિદ્યાર્થીઓ માટે કંઈક નવું કરીએ,જે તેમને જીવન ઉપયોગી બની રહે.સૌ પ્રથમ અમે અમારા વિજ્ઞાન સેન્ટરના માધ્યમથી "રાખડી સ્પર્ધા" યોજી.જેમાં અમને જુદી જુદી શાળાનાં વિદ્યાર્થીઓ દ્વારા અસંખ્ય રાખડીઓ મળી.ત્યાર બાદ "રંગોળી સ્પર્ધા","ગાયત્રી યજ્ઞ " વગરે ઓનલાઈન કાર્યક્રમો યોજ્યા.આજે પણ શાળામાં" મીની ચબુતરા" "તુલસી પૂજન","ગીતા

પૂજન" અને માતૃ પિતૃ પૂજન "કાર્યક્રમો દર વર્ષે યોજવામાં આવે છે.જેમાં પ્રમાણપત્રો પણ આપવામાં આવે છે.

## ઉપયોગીતા:

- વિદ્યાર્થી માત્ર શાળામાંથી જ શિક્ષણ નથી મેળવતો,તે મોટા ભાગનું શિક્ષણ તેનાં પરીવાર પાસેથી પણ મેળવે છે,ખાસ સંસ્કાર તે ઘરેથી જ પ્રાપ્ત કરે છે.આ નવતર પ્રયોગમાં તેમનાં પરિવારને જોડવામાં આવે છે,એટલે વિદ્યાર્થી અને વાલી એમ બંને પક્ષે સંસ્કાર અંગે જાગૃતિ આવે છે.

## નવતર પ્રયોગનું મૂલ્યાંકન:

- જુદી જુદી શાળાનાં બાળકો જોડાઈ છે.
- ઘરનાં સભ્યો પણ એક્ટીવ રહે છે.

## નવતર પ્રયોગનું પરિણામ:

- વિદ્યાર્થીઓ શિક્ષણની સાથે સાથે ધાર્મિક પ્રવૃત્તિઓમાં પણ જોડાવા લાગ્યા છે.
- સ્પર્ધાઓમાં હરીફાઈના કારણે વાલીશ્રીઓ પુરતો સહકાર આપતા થયા.
- શિક્ષણની સાથે સંસ્કારને લોકોએ સ્વીકાર્યો અને સમજતા થયા કે આ જરૂરી છે.
- શિક્ષણ ઘરે અને સંસ્કાર શાળામાં પહોચેલ જોવા મળ્યા.

## નવતર પ્રયોગની વર્તમાન સ્થિતિ:

| પહેલાની સ્થિતિ | પછીની સ્થિતિ |
|---|---|
| ➢ પહેલાં ઓફલાઈન સ્પર્ધા અને કાર્યક્રમો નહીવત થતા .<br>➢ વાલી નહીવત રસ દાખવતા .<br>➢ **અગાઉ આવા કોઈ કાર્યક્રમો થતા નહીં.** | ➢ હાલ શાળાનાં વિદ્યાર્થીઓ અને ગામલોકો બહોળો લાભ લઇ રહ્યા છે.<br>➢ હાલ વાલીશ્રીઓ પણ રસ લેતા થયા.<br>➢ હાલ જુદી જુદી છ જેટલી પ્રવૃત્તિઓ કાર્યરત છે. |

<u>ફોટોગ્રાફ, વિડીયો લીંક, QR કોડ:</u>









દિવ્ય ભાસ્કર જામનગર 15-12-2024

**સરસ્વતી માધ્યમિક શાળા ખીમરાણામાં ગીતા અને તુલસી પૂજન કાર્યક્રમ યોજાયો**

યોગ વેદાંત સમિતિ દ્વારા શાળાને 11 પુસ્તકોની ભેટ અપાઈ : મોટી સંખ્યામાં છાત્રો જોડાયા

# ગણિત અને ટેકનોલોજી

ઇનોવેટરનું નામ : સરોજબેન જયંતિલાલ હડિયલ

હોદ્દો : મદદનીશ શિક્ષક

શાળાનું નામ : શ્રી જી એમ પટેલ કન્યા વિદ્યાલય - ધ્રોલ

ક્લસ્ટર/ક્યુડીસી : ધ્રોલ

તાલુકો : ધ્રોલ

મોબાઈલ નંબર : 9427755068

ઈમેલ આઇડી : sarojkateshiya@gmail.com

વિભાગ (પ્રાથમિક / માધ્યમિક / ઉ.માધ્યમિક / પ્રશિક્ષણ સંસ્થા) : માધ્યમિક

નવતર પ્રયોગનું શીર્ષક : ગણિત અને ટેકનોલોજી

નવતર પ્રયોગની કેટેગરી : 2 ડિજીટલ ટેકનોલોજી આધારીત

નવતર પ્રયોગ સામૂહિક કરેલ છે કે વ્યક્તિગત : વ્યક્તિગત

નવતર પ્રયોગની શરૂઆત ક્યારથી કરવામાં આવેલ છે : 2015 થી ચાલુ છે.

## નવતર પ્રયોગની કાર્યપદ્ધતિનું વર્ણન

**હેતુઓ:-**

- ગ્રામ્ય વિસ્તારના વિદ્યાર્થીઓને સરળતાથી ગણિત સમજાવવું.
- બાળકો ગણિત જેવા અઘરા વિષયમાં રસ લેતા થાય.
- ગણિતને ટેકનોલોજી સાથે જોડી અને ગણિત વિષયને રસપ્રદ બનાવવો.
- વિદ્યાર્થીઓના વ્યવહારિક જ્ઞાનમાં વધારો કરવો.

**અમલીકરણ વ્યુહરચના:-**

- શ્રી જીએમ પટેલ કન્યા વિદ્યાલય માં ધોરણ 9 અને 10 માં કુલ 400 જેટલા વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. ગ્રામ્ય વિસ્તારોમાંથી આવતા બાળકોનો ગણિત વિષય નો પાયો ખૂબ જ નબળો હોય છે. આથી તેને ગણિત વિષય અઘરો લાગે છે. બાળકો ગણિતમાં રસ લેતા થાય તે માટે મેં નીચે પ્રમાણે ના પ્રયત્નો હાથ ધર્યા. આચાર્યશ્રીની મદદથી youtube પર

મેં મારા વિષયના ધોરણ 9 અને 10 ના 90 જેટલા વિડિયો બનાવ્યા અને અપલોડ કર્યા. આ વિડીયો સમયાંતરે whatsapp ના માધ્યમથી ગ્રુપમાં મૂક્યા.

- દર રવિવારે whatsapp ગ્રુપમાં ઓનલાઈન ટેસ્ટ નું આયોજન કર્યું જેનાથી વિદ્યાર્થીઓનો ગણિત વિષયમાં ઉત્સાહ વધ્યો.

## ઉપયોગિતા :-

- મેં youtube માં અપલોડ કરેલા 90 થી પણ વધુ Video નો કોઈપણ શાળા નો વિદ્યાર્થી કોઈપણ સમયે લાભ લઈ શકે છે. અને અઘરા લાગતા વિષયોને સરળતાથી સમજી શકે છે.
- શાળા સમય સિવાયના કોઈપણ સમયે ગણિત વિષયનું રિવિઝન કરાવવું શક્ય બન્યું તથા ઓનલાઇન ટેસ્ટ લઈ શકાય છે. જેથી જાહેર રજાઓ માં પણ શિક્ષણકાર્ય કરી શકાય છે.

## નવતર પ્રયોગનું મૂલ્યાંકન:-

- મેં હાથ ધરેલ નવતર પ્રયોગનું મૂલ્યાંકન કરવા માટે વિવિધ યોજનાઓ અમલ કરી જે નીચે મુજબ છે.
- દર રવિવારે ઓનલાઇન ટેસ્ટ નું આયોજન કર્યું.
- ટેસ્ટમાં નંબર પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓને યોગ્ય પુરસ્કાર આપી સન્માનિત કર્યા.
- ટેસ્ટમાં ઓછા માર્ક્સ મેળવનાર વિદ્યાર્થીઓ માટે ફરીથી ટેસ્ટ આપી શકે તેવું આયોજન કર્યું અને યોગ્ય માર્ગદર્શન પૂરું પાડ્યું.

## નવતર પ્રયોગનું પરિણામ:-

- વિદ્યાર્થીઓ ભણવામાં હોશિયાર થવા લાગ્યા અને અઘરા વિષયોનું વારંવાર પુનરાવર્તન થવાથી તેઓને ભણવામાં રસ પડવા લાગ્યો.
- વર્ષ 2020-21 માં અમારી શાળા જામનગર જિલ્લાની શ્રેષ્ઠ શાળા તરીકે પસંદગી પામી રૂપિયા 1,00,000 નું ઇનામ પ્રાપ્ત કર્યું
- ગુજરાત રાજ્યની શ્રેષ્ઠ શાળા તરીકે દ્વિતીય ક્રમે પસંદગી પામી 3,00,000 નું ઇનામ મેળવ્યું.

## નવતર પ્રયોગ ની વર્તમાન સ્થિતિ:-

- મેં હાથ ધરેલ નવતર પ્રયોગમાં મને ખૂબ જ સફળતા મળી અને શાળાની દરેક કસોટીઓ તેમજ સ્પર્ધામાં વિદ્યાર્થીઓ ભાગ લેતા થયા ઉપરાંત ગણિત વિષયની દરેક પરીક્ષાઓમાં વિદ્યાર્થીઓ સારા માર્કસ સાથે પાસ થવા લાગ્યા.

## ફોટોગ્રાફ / વિડિયો લિન્ક / QR કોડ

ધોરણ 9 અને ધોરણ 10 માં youtube પર ગણિત વિષયના 90 થી વધુ વિડીયો અપલોડ કર્યા.

link:- https://youtu.be/XHcUJr305ug

QR CODE:-





